dailyhunt સંજોગ ન્યૂઝ
અમરેલી નું સુપ્રસિદ્ધ દૈનિક સંજોગ ન્યુઝ હવે Dailyhunt પર...
અમરેલી ગુજરાત સહિત દેશ વિદેશ, રમતગમત તમામ સમાચાર
વાંચવા માટે Dailyhunt પર સંજોગ ન્યુઝને ફોલો કરો.
https://dhunt.in/RbYBS

સંજોગ ન્યૂઝ

SANJOG NEWS DAILY GUJARATI - AMRELI, RNI NO. GUJGUJ/2017/75270, Postal Reg.No.AMR/207/Validup to 2024-26

Year-10 | Issue-10 | AD-2026, Bhadarva Vad-((0 | Saturday, Dt.10-10-2026 | Editor : Vasant Movliya : Phone : (02792) 225225 | E-mail : sanjognews@gmail.com | Page-08 Price : Rs.3-00

૫૭ મેટ્રો સ્ટેશન બંધ રાખવાના નિર્ણય પર સવાલ, સામાન્ય લોકોને મુશ્કેલી ન પડે તે રીતે પરિવહન વ્યવસ્થા જાળવવા નિર્દેશ

CJPના પ્રદર્શનને લઈને દિલ્હી પોલીસની કડકાઈ સામે સુપ્રીમ કોર્ટ નારાજ


નવી દિલ્હી, તા.૦૯

કોકરોચ જનતા પાર્ટી (CJP) દ્વારા ૧૦ ઓક્ટોબરે દિલ્હીના જંતર-મંતર ખાતે યોજાનારા પ્રસ્તાવિત પ્રદર્શનને લઈને કરવામાં આવેલી કડક સુરક્ષા વ્યવસ્થા સામે સુપ્રીમ કોર્ટે દિલ્હી પોલીસને ફટકાર લગાવી છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે જણાવ્યું હતું કે કેટલીક બાબતોને રોકવી જરૂરી હોય છે, પરંતુ તેના માટે એટલી જ કાર્યવાહી કરવી જોઈએ જેટલી આવશ્યક હોય. તેમણે ટકોર કરતાં કહ્યું હતું કે માખી મારવા માટે હથોડાનો ઉપયોગ ન કરવો જોઈએ.અધિકારીઓએ હંમેશા આ વાતનું ધ્યાન રાખવું જોઈએ કે સુરક્ષાના નામે સામાન્ય નાગરિકોને બિનજરૂરી મુશ્કેલીનો સામનો કરવો ન પડે. CJPના પ્રસ્તાવિત પ્રદર્શનને ધ્યાનમાં રાખીને દિલ્હી અને આસપાસના વિસ્તારોમાં સુરક્ષા વ્યવસ્થા કડક બનાવવામાં આવી છે. શુક્રવારે રાત્રે ૯ વાગ્યાથી દિલ્હીના ૫૭ મેટ્રો સ્ટેશન બંધ રાખવાની જાહેરાત કરવામાં આવી હતી. આ ઉપરાંત નવી દિલ્હી અને હઝરત નિઝામુદ્દીન રેલવે સ્ટેશન પર આવતી તમામ મેલ અને એક્સપ્રેસ ટ્રેનો ૧૦ ઓક્ટોબરે રદ કરવામાં આવી હોવાનું જણાવાયું છે. રેલવે દ્વારા આ ટ્રેનોને તેમના પ્રારંભિક સ્ટેશન પરથી જ રદ કરવાનો નિર્ણય લેવામાં આવ્યો છે. દરમિયાન, હરિયાણામાં પણ સુરક્ષા વ્યવસ્થા વધારી દેવામાં આવી છે.પાણીપતથી દિલ્હી તરફના રેલવે સ્ટેશનોની બહાર નાકાબંધી કરવામાં આવી છે.



વાલ્મીકિને પોલીસે રસ્તામાં જ અટકાયતમાં લીધા હતા.બીજી તરફ, પ્રદર્શન અને મેટ્રો સેવાઓ બંધ રાખવાની સંભાવનાને પગલે દિલ્હીની અનેક શાળાઓ અને કોલેજોએ ૧૦ ઓક્ટોબરના વર્ગો ઓનલાઈન યોજવાનો નિર્ણય લીધો છે. કેટલીક શૈક્ષણિક સંસ્થાઓએ વાલીઓ સાથેની બેઠક (PTM)નો સમય બદલ્યો છે, જ્યારે કેટલીક જગ્યાએ પરીક્ષાઓ પણ સ્થગિત કરવામાં આવી છે. આ નિર્ણયોથી વિદ્યાર્થીઓ, વાલીઓ અને રોજિંદા મુસાફરોને અસર થવાની શક્યતા છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ નિર્દેશ આપ્યો છે કે મેટ્રોની અવરજવર પર સંપૂર્ણ પ્રતિબંધ લાદી શકાય નહીં. અધિકારીઓએ મેટ્રો અને અન્ય ટ્રેનોની અવરજવરને એવી રીતે નિયંત્રિત કરવી જોઈએ કે ટિકરી, બદરપુર, કાપસહેડા અને સિંઘુ બોર્ડર પર વાહનોની તપાસ કર્યા બાદ જ આગળ જવા દેવામાં આવી રહ્યા છે.

પ્રદર્શનમાં ભાગ લેવા માટે દિલ્હી જઈ રહેલા પાણીપતના કોંગ્રેસના પૂર્વ ધારાસભ્ય બલબીર વાલ્મીકિને પોલીસે રસ્તામાં જ અટકાયતમાં લીધા હતા.બીજી તરફ, પ્રદર્શન અને મેટ્રો સેવાઓ બંધ રાખવાની સંભાવનાને પગલે દિલ્હીની અનેક શાળાઓ અને કોલેજોએ ૧૦ ઓક્ટોબરના વર્ગો ઓનલાઈન યોજવાનો નિર્ણય લીધો છે. કેટલીક શૈક્ષણિક સંસ્થાઓએ વાલીઓ સાથેની બેઠક (PTM)નો સમય બદલ્યો છે, જ્યારે કેટલીક જગ્યાએ પરીક્ષાઓ પણ સ્થગિત કરવામાં આવી છે. આ નિર્ણયોથી વિદ્યાર્થીઓ, વાલીઓ અને રોજિંદા મુસાફરોને અસર થવાની શક્યતા છે. સુપ્રીમ કોર્ટે સ્પષ્ટ નિર્દેશ આપ્યો છે કે મેટ્રોની અવરજવર પર સંપૂર્ણ પ્રતિબંધ લાદી શકાય નહીં. અધિકારીઓએ મેટ્રો અને અન્ય ટ્રેનોની અવરજવરને એવી રીતે નિયંત્રિત કરવી જોઈએ કે સુરક્ષા વ્યવસ્થા પણ જળવાઈ રહે અને સામાન્ય લોકોને પણ મુશ્કેલી ન પડે.કોર્ટે સંબંધિત અધિકારીઓને આ નિર્ણય અંગે લોકોને યોગ્ય જાણકારી આપવા અને શહેરમાં મુસાફરી કરતા નાગરિકોને અગવડતા ન પડે તે માટે અખબારો તથા વેબસાઈટ્સ પર જાહેર સૂચના (એડવાઈઝરી) પ્રકાશિત કરવા પણ જણાવ્યું છે. હવે સુરક્ષા વ્યવસ્થા અને જાહેર પરિવહન વચ્ચે સંતુલન જાળવવાની જવાબદારી તંત્રની રહેશે.



ચાર રાજ્યોની પેટાચૂંટણીમાં નંદીગ્રામ અને રેજીનગરમાં ભાજપનો વિજય, તમિલનાડુમાં ટીવીકેનો દબદબો

નવી દિલ્હી, તા.૦૯

ચાર રાજ્યોની પાંચ વિધાનસભા બેઠકો અને એક લોકસભા બેઠકની પેટાચૂંટણીનાં પરિણામોએ રાજકીય ચિત્રમાં રસપ્રદ ફેરફારો દર્શાવ્યા છે. પશ્ચિમ બંગાળની નંદીગ્રામ અને રેજીનગર બેઠકો પર ભાજપના ઉમેદવારોએ જીત મેળવી છે. નંદીગ્રામમાં હાસી રાની રથે ૧,૬૪,૪૨૭ મત મેળવી કોંગ્રેસના મિલન પ્રધાનને ૧,૨૨,૭૫૩ મતના માર્જિનથી હરાવ્યા હતા. રેજીનગરમાં ભાજપના શંખર્વ સરકારને



૧,૨૯,૯૧૪ મત મળ્યા હતા અને તેમણે આમ જનતા ઉન્નય પાર્ટીના ગુલામ નબી આઝાદને ૭૫,૮૧૬ મતથી હરાવ્યા હતા. આસામની નાગાંવ લોકસભા બેઠક પર ભાજપના દેવાશીષ શર્માની જીતના અહેવાલો સામે આવ્યા છે. પુડુચેરીની થટ્ટનચાવાડી બેઠક પર એનઆર કોંગ્રેસના અશોક આનંદે ૧૩,૩૫૮ મત મેળવી કોંગ્રેસના વિનયગમને હરાવ્યા હતા. તમિલનાડુમાં થલાપતિ વિજયના નેતૃત્વ હેઠળની ટીવીકેએ મદુરંતકમ અને ધારાપુરમ બંને બેઠકો જીતી હોવાના અહેવાલ છે. આ જીતથી પાર્ટીના ધારાસભ્યોની સંખ્યા વધીને ૧૦૯ થઈ છે, જ્યારે બહુમતી માટે ૧૧૮ બેઠકો જરૂરી છે. પરિણામો એઆઈએડીએમકે માટે રાજકીય પડકાર વધારી શકે છે. ભાજપનાં નેતા સ્મૃતિ ઈરાનીએ પરિણામોને આવકારતાં પશ્ચિમ બંગાળ અને આસામમાં પક્ષના પ્રદર્શનને લોકશાહી માટે મહત્ત્વપૂર્ણ ગણાવ્યું હતું. જોકે, વિવિધ બેઠકોના અંતિમ સત્તાવાર આંકડાઓની પુષ્ટિ સંબંધિત ચૂંટણી સત્તાવાળાઓના પરિણામો પરથી કરવી જરૂરી છે.

શેરબજારમાં મજબૂત રિકવરી: સેન્સેક્સ ૮૭૯ અને નિફ્ટી ૨૮૯ પોઈન્ટ ઉછળ્યા

મુંબઈ, તા.૦૯

ગુરુવારના ભારે ઘટાડા બાદ ભારતીય શેરબજારમાં શુક્રવારે, ૯ ઓક્ટોબરે મજબૂત રિકવરી જોવા મળી હતી. સપ્તાહના અંતિમ ટ્રેડિંગ દિવસે બીએસઈનો સેન્સેક્સ ૮૭૯ પોઈન્ટ એટલે કે ૧.૨૩ ટકા વધીને ૭૨,૪૭૨ પર બંધ થયો હતો. જ્યારે એનએસઈનો નિફ્ટી ૨૮૯ પોઈન્ટ એટલે કે ૧.૩૦ ટકા વધીને ૨૨,૫૨૦ના સ્તરે પહોંચ્યો હતો. આઈટી, એફએમસીજી અને બેન્કિંગ ક્ષેત્રોમાં ભારે ખરીદીને કારણે બજારમાં તેજી જોવા મળી હતી. બજારમાં કુલ ૨,૩૪૪ શેર વધ્યા હતા, જ્યારે ૧,૬૮૬ શેરમાં ઘટાડો નોંધાયો હતો. બજારની અસ્થિરતા દર્શાવતો ઈન્ડિયા વીઆઈએક્સ ૬.૦૯ ટકા ઘટીને આશરે ૧૪ના સ્તરે પહોંચ્યો હતો.ક્ષેત્રવાર કામગીરીમાં આઈટી ઈન્ડેક્સ ૩.૦૨ ટકા વધીને સૌથી વધુ તેજી દર્શાવનાર ક્ષેત્રોમાં રહ્યો હતો.

સ્વ.વિરજીભાઈ ઠુંમરના બેસણામાં રાજકીય-સામાજિક આગેવાનોએ સાંત્વના પાઠવી

અમરેલી,તા.૦૯







અમરેલીના પૂર્વ સાંસદ અને ધારાસભ્ય સ્વ.વિરજીભાઈ ઠુંમરનું નિધન થયા બાદ ઠુંમર પરિવાર દ્વારા કુંકાવાવ રોડ પર આવેલા વી.કે.ફાર્મ ખાતે બેસણું યોજવામાં આવ્યું હતુ. આ બેસણામાં અમરેલી જિલ્લા તેમજ સૌરાષ્ટ્ર,ગુજરાતમાંથી રાજકિય અને સામાજિક આગેવાનો બહોળી સંખ્યામાં ઉમટી પડ્યા હતા. હાજર રહેલા આગેવાનોએ સ્વ.વિરજીભાઈ ઠુંમરને શ્રધ્ધાસુમન અર્પણ કર્યા હતા. આ તકે પૂર્વ સાંસદ નારણભાઈ કાછડીયા, અમરેલી જિલ્લા કોંગ્રેસ સમિતિ પ્રમુખ પ્રતાપભાઈ દુધાત, અમરેલી જિલ્લા લેઉવા પટેલ સમાજ પ્રમુખ ડી.કે.રૈયાણી, ઈફકોના ચેરમેન દિલીપભાઈ સંઘાણી, સામાજિક આગેવાન વસંતભાઈ મોવલિયા ,પરેશભાઈ ધાનાણી, ભોજલધામ મહંત ભક્તિરામ બાપુ, બનાસકાંઠાના સાંસદ ગેનીબેન ઠાકોર, શરદભાઈ લાખાણી, અમરેલી સાંસદ ભરતભાઈ સુતરીયા, ઠાકરશીભાઈ મેતલીયા, ગુજરાત કોંગ્રેસના મહામંત્રી સંદીપભાઈ માંગરોલા, ભાવનગર પૂર્વ જિલ્લા પંચાયત પ્રમુખ સંજયસિંહ સરવૈયા, જશુમતીબેન કોરાટ, અમરેલી નગરપાલિકા પ્રમુખ વૈશાલીબેન માંગરોળીયા, મહિલા આગેવાન ભાવનાબેન ગોંડલીયા, ભાવનગર ડાયમંડ એસોસિયેશન પ્રમુખ ઘનશ્યામભાઈ ગોરસિયા, મધ્ય ગુજરાતના આગેવાન હરિભાઈ ચૌધરી,પૂર્વ ધારાસભ્ય અમિતભાઈ ચૌધરી, ઉદ્યોગપતિ વિમલભાઈ કથીરિયા, પાળીયાદ વિસામણ બાપુની જગ્યાના મહંત ભયલુ બાપુ, રમેશભાઈ ધડુક, સુરત અગ્રણી ઉદ્યોગપતિ વલ્લભભાઈ સવાણી,મહેશભાઈ સવાણી, ગુજરાત કોંગ્રેસના ઉપપ્રમુખ પંકજભાઈ પટેલ, ગુજરાત કોંગ્રેસના પ્રવક્તા મનીષભાઈ દોશી તેમજ મનહરભાઈ પટેલ, ગાયત્રીબા વાઘેલા, સિદ્ધાર્થભાઈ પટેલ, કનુભાઈ કલસરિયા હિંમતસિંહ પટેલ, નિલેશભાઈ પટેલ, જશાભાઈ બારડ,કાકા સાહેબ, સામાજિક આગેવાન દિનેશભાઈ ચોવટીયા, ધારાસભ્ય જનકભાઈ તળાવીયા, અમરેલી જિલ્લા ભાજપ પ્રમુખ અતુલભાઈ કાનાણી, ખોડલધામ ટ્રસ્ટી ગોપાલભાઈ રૂપાપરા, મનોજભાઈ સોરઠીયા, હસમુખભાઈ લુણાગરિયા, રાજુભાઈ પરમાર, ગુજરાત પ્રદેશ પૂર્વ પ્રમુખ શક્તિસિંહ ગોહિલ, સાંસદ પરસોતમભાઈ રૂપાલા, અમર ડેરીના ચેરમેન અશ્વિનભાઈ સાવલિયા, ચલાલા દાનબાપુની જગ્યાના મહંત વલકુ બાપુ, કેશુભાઈ નાકરાણી, ભરતભાઈ બોઘરા, ખોડલધામ ટ્રસ્ટી બકુલભાઈ સોરઠીયા સહિતના આગેવાનોએ ઠુંમર પરિવારને સાંત્વના આપી હતી.

અમરેલીમાં ગેરકાયદે માંસની દુકાનો, સ્પામાં તપાસ અંગે આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદની કલેક્ટરને રજૂઆત

અમરેલી,તા.૦૯



આંતરરાષ્ટ્રીય હિન્દુ પરિષદ ગુજરાત પ્રદેશના કાર્યકારી અધ્યક્ષ ડૉ. જી.જે. ગજેરા દ્વારા અમરેલી કલેક્ટરને લેખિત રજૂઆત કરીને નવરાત્રી અને દિવાળીના તહેવારો નિમિત્તે શહેરમાં ચાલતી ગેરકાયદે માંસ-મટનની દુકાનો, સ્પા, હોટેલો, ગેસ્ટહાઉસ અને અવાવરું જગ્યાઓ પર કડક તપાસની માંગ કરવામાં આવી છે. ધાર્મિક લાગણીઓને માન આપી શાક માર્કેટ અને બહારપરા જેવા મુખ્ય માર્ગો પર વગર પરમિશને ચાલતી ઈંડાં-મટનની દુકાનો બંધ કરાવી કાયદેસરની કાર્યવાહી કરવા જણાવાયું છે. રાત્રિના સમયે દીકરીઓની સુરક્ષા માટે અવાવરું સ્થળો પર તકેદારી રાખવા, શંકાસ્પદ કિસ્સામાં વાલીઓને જાણ કરવા તેમજ સ્પા અને હોટેલોમાં 'પથિક' સોફ્ટવેર એન્ટ્રીનું ચેકિંગ કરવા કલેક્ટર સમક્ષ માંગ કરાઈ છે.

અમરેલી બિલ્ડર્સ એસો.ની બેઠકમાં પ્રોપર્ટીમાં ભાવવધારો કરવાનો નિર્ણય

અમરેલી,તા.૦૯



અમરેલી બિલ્ડર્સ એસોસિએશનની જનરલ મીટિંગ ખોડલધામ પાર્ટી પ્લોટ ખાતે પ્રમુખ હિંમતભાઈ સોખીયાની અધ્યક્ષતામાં યોજાઈ હતી. જેમાં બાંધકામ મટિરિયલ્સ અને મજૂરી ખર્ચમાં થયેલા અસહ્ય વધારાને પગલે અમરેલીમાં બાંધકામ પ્રોજેક્ટ્સની વેચાણ કિંમતમાં ૧૫ ટકા સુધીનો વધારો કરવાનો નિર્ણય લેવાયો હતો. આ બેઠકમાં ઉપસ્થિત રહેલા ગુજરાત ગ્રામીણ બેંક ભાવનગરના રિજિયોનલ મેનેજર સુભાજીત ચંદા સહિતના ઉચ્ચ અધિકારીઓએ વિવિધ લોન અંગે માર્ગદર્શન આપી માત્ર ૮ દિવસમાં લોન મંજૂર કરવાની ખાતરી આપી હતી. આ પ્રસંગે ઉપપ્રમુખ રાજુભાઈ શિપાણી, દીપકભાઈ મહેતા અને સંજયભાઈ વાગદડીયા સહિત એસોસિએશનના હોદ્દેદારો તેમજ બેંકનો સ્ટાફ બહોળી સંખ્યામાં ઉપસ્થિત રહ્યો હતો. અંતમાં ભોજન સમારંભ યોજાયો હતો અને સંચાલન સંજયભાઈ વાગદડીયાએ કર્યું હતું.

ધારીમાં રમતગમતનું મેદાન ફાળવવા અતુલ કાનાણીએ નાયબ મુખ્યમંત્રીને કરી રજૂઆત

અમરેલી,તા.૦૯



અમરેલી જીલ્લા ભાજપ પ્રમુખ અતુલ બી. કાનાણીએ રાજ્યના નાયબ મુખ્યમંત્રી હર્ષભાઈ સંઘવીને પત્ર લખીને ધારી શહેર ખાતે યુવાનો માટે વ્યવસ્થિત ક્રિકેટ ગ્રાઉન્ડ સહિતનું રમતગમતનું મેદાન ફાળવવાની માંગણી કરી છે. ધારીમાં યુવાનોમાં રમતો પ્રત્યે ભારે ઉત્સાહ હોવા છતાં યોગ્ય મેદાનના અભાવે તેમને શેરીઓમાં કે ખુલ્લા પ્લોટોમાં રમવું પડે છે, જેનાથી અકસ્માતનો ભય અને સ્થાનિકોને પરેશાની થાય છે. જો સરકારી પડતર જમીન કે મેદાન ફાળવવામાં આવે તો પ્રતિભાશાળી યુવાનો યોગ્ય પ્રેક્ટિસ કરીને કૌશલ્ય વિકસાવી શકશે અને ભવિષ્યમાં જિલ્લા, રાજ્ય કે રાષ્ટ્રીય કક્ષાએ શહેરનું નામ રોશન કરી શકશે. આ રજૂઆત સંદર્ભે જીલ્લા પ્રભારી મંત્રી જીતુભાઈ વાઘાણી, મંત્રી કૌશિકભાઈ વેકરિયા અને સાંસદ ભરતભાઈ સુતરિયાને પણ નકલ રવાના કરવામાં આવી છે.

ચલાલામાં તુલસી વિવાહ સાથે ૫૦મા સર્વજ્ઞાતીય સમૂહ લગ્નોત્સવનું આયોજન

ચલાલા,તા.૦૯

દાનમહારાજની પાવન ભૂમિ ચલાલા ખાતે મોગલમા માનવ સેવા ટ્રસ્ટ દ્વારા તુલસી વિવાહના પવિત્ર પ્રસંગે ૨૧ નવેમ્બર, ૨૦૨૬ના રોજ ૫૦મા સર્વજ્ઞાતીય સમૂહ લગ્નોત્સવનું ભવ્ય આયોજન કરવામાં આવશે. આ પ્રસંગે દાતાશ્રીઓના સહયોગથી દીકરીઓને કરિયાવરમાં ૧૧૧ જેટલી વસ્તુઓ આપવાનું લક્ષ્ય રાખવામાં આવ્યું છે. સમાજમાં લગ્નના બિનજરૂરી ખર્ચમાં ઘટાડો થાય અને જરૂરિયાતમંદ પરિવારોને આર્થિક રાહત મળે તે હેતુથી આ આયોજન કરાયું છે. સમૂહ લગ્નમાં જોડાવા ઇચ્છુક પરિવારો માટે ફોર્મ ભરવાની કામગીરી શરૂ થઈ છે. વરરાજાની ઉંમર ૨૧ અને કન્યાની ૧૮ વર્ષ પૂર્ણ હોવી જરૂરી છે. વધુ માહિતી માટે રાજુદાદા જાનીનો ૯૪૦૮૨ ૭૮૫૫૩ અથવા ૯૮૭૯૪ ૬૩૪૪૩ પર સંપર્ક કરવા ટ્રસ્ટ દ્વારા જણાવાયું છે.

ધારી તાલુકાના વિરપુર ગામની સીમમાં મધમાખીઓના ઝુંડનો મજૂરો પર હુમલો

બે મહિલાઓ સહિત ચાર મજૂરોને ઈજા, ૧૦૮ની મદદથી સિવિલ હોસ્પિટલ ખસેડાયા

ધારી,તા.૦૯

ધારી તાલુકાના વિરપુર ગામની સીમ વિસ્તારમાં આજે સવારે આશરે ૯ વાગ્યાના સુમારે ખેતરમાં કામ કરી રહેલા પરપ્રાંતીય મજૂરો પર મધમાખીઓના ઝુંડે અચાનક હુમલો કરતાં અફરાતફરી મચી ગઈ હતી. આ હુમલામાં બે મહિલાઓ સહિત કુલ ચાર મજૂરોને ઈજાઓ પહોંચી હતી. બનાવને પગલે આસપાસના વિસ્તારમાં ચિંતા ફેલાઈ હતી. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર મળી રહે તે માટે ૧૦૮ એમ્બ્યુલન્સની મદદ લેવામાં આવી હતી. ત્યારબાદ તમામ ઈજાગ્રસ્તોને ધારીની સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર અર્થે ખસેડવામાં આવ્યા હતા. આ બનાવ અંગે વાડીના માલિક સાથે થયેલી વાતચીત દરમિયાન જાણવા મળ્યું હતું કે હોસ્પિટલમાં સારવાર લીધા બાદ તમામ ઈજાગ્રસ્તોની તબિયત સામાન્ય જણાતાં તેમને રજા આપવામાં આવી છે. સદનસીબે તમામ મજૂરોની તબિયત સુધારા પર હોવાથી હાલ કોઈ ગંભીર સ્થિતિ ન હોવાનું જાણવા મળ્યું છે.

વીજપડી-બાઢડા સ્ટેટ હાઈવે પર પુલની કામગીરી સામે સવાલો

અમરેલી,તા.૦૯



વીજપડી-બાઢડા સ્ટેટ હાઈવે પર હાલ પુલની કામગીરી ચાલી રહી છે, ત્યારે બાંધકામની ગુણવત્તા સામે સવાલો ઊભા થયા છે. સ્થાનિક સ્તરે ઉઠેલા આક્ષેપ મુજબ, પુલનું આરસીસી વર્ક લાંબા સમયથી ચાલી રહ્યું હોવા છતાં બાંધકામ પર પાણીનો છંટકાવ કરવામાં આવતો નથી. આ પ્રકારની બેદરકારીથી કામગીરીની ગુણવત્તા પર અસર થવાની ભીતિ વ્યક્ત કરવામાં આવી રહી છે. વધુમાં, જવાબદાર તંત્રના અધિકારીઓ દ્વારા કામગીરીની સ્થળ તપાસ કરવામાં આવતી ન હોવાની પણ ચર્ચા થઈ રહી છે. જો આક્ષેપો સાચા હોય તો સંબંધિત અધિકારીઓએ સ્થળ પર તપાસ કરી બાંધકામની ગુણવત્તા ચકાસવી જોઈએ અને જરૂરી માર્ગદર્શિકા મુજબ કામગીરી થાય તે સુનિશ્ચિત કરવું જોઈએ. હવે તંત્ર દ્વારા આ મામલે શું પગલાં લેવામાં આવે છે તે જોવું રહ્યું.

લીલીયાના શેઢાવદરમાં દીપડાએ વાછરડાનો શિકાર કરતા ફફડાટ

લીલીયા,તા.૦૯



લીલીયા પંથકના બવાડી, બવાડા, ઈંગોરાળા, કાંકચ, શેઢાવદર અને ભોરીંગડા સહિતના ગામોમાં છેલ્લા અઢી દાયકાથી સિંહોનો વસવાટ છે. છેલ્લા કેટલાક સમયથી દીપડાની અવરજવર પણ વધતાં ખેડૂતો અને પશુપાલકોમાં ભયનો માહોલ જોવા મળી રહ્યો છે. દીપડાઓ દ્વારા પશુઓનાં મારણની ઘટનાઓ પણ બની રહી છે. તાજેતરમાં શેઢાવદરના ખેડૂત અગ્રણી અનિલભાઈ પાનસુરીયાના વાડામાં ઘૂસી દીપડાએ આઠ માસના વાછરડાનું મારણ કર્યું હતું.

અનિલભાઈએ વન વિભાગને દીપડાને પાંજરે પૂરી જંગલમાં છોડવાની માંગ કરી છે.

Jitendra Sanghani
Cell : 98254 22922

MARUTI SUZUKI

મારૂતિ સુઝુકી સર્વિસ સ્ટેશનનું એકમાત્ર સ્થળ તથા
સંપૂર્ણ આધુનિક સુવિધા સાથેનો વિશ્વાસપાત્ર અને અનુભવી સ્ટાફ

કારકેર સેન્ટર

(Maruti Authorised Workshop)





વ્હીલ એલાઇમેન્ટ,વ્હીલ બેલેન્સીંગ, મીકેનીક કામ,
રીપેરીંગ, વોશિંગ તેમજ સર્વિસ કરી આપનાર

ચકકરગઢ રોડ, અમરેલી-૩૬૫ ૬૦૧

ફોનઃ ૦૨૭૯૨ ૨૨૦૦૯૯, E-mail: carcarerushi@rediffmail.com



॥ શ્રી ગણેશાય નમઃ ॥ ॥ શ્રી ૧ ॥ ॥ શ્રી બાલમુકુંદજી પ્રભુ વિજયતે ॥

અમરેલીના આંગણે વિશ્વાસ અને સુંદરતાનું નવું સરનામું...



યમુના જવેલર્સ

(અમરાપુર વાળા)

અમે અત્યંત આનંદ સાથે જણાવીએ છીએ કે,
આપના અતૂટ વિશ્વાસ અને સાથ-સહકારને કારણે
યમુના જવેલર્સ હવે એક ભવ્ય અને
નવા સોપાન સાથે આપની સેવામાં સજ્જ છે.

- શુદ્ધતાની ખાતરી : 100% હોલમાર્કવાળા દાગીના
- નવીનતમ ડિઝાઈન : એન્ટિક, રાજવાડી અને મોર્ડન જવેલરીનો વિશાળ ખજાનો
- પારદર્શક વ્યવહાર : વ્યાજબી મજૂરી અને વિશ્વાસપાત્ર સર્વિસ

અમારા નવા આધુનિક શો-રૂમની મુલાકાત લો અને આપની સુંદરતામાં ચાર ચાંદ લગાવો.

સ્થળ : દુ.નં. - 3, પટેલ વાડી
શોપિંગ સેન્ટર, હીરામોતી ચોક,
લીલીયા રોડ, અમરેલી.

હીરેનભાઈ ચંદુભાઈ સોની
મો. ૯૪૨૯૨ ૨૦૮૪૭/૮૧૪૧૨ ૦૭૭૩૯

સરસીયા રેન્જમાં ૧૦ દિવસથી ગંભીર ઈજાથી સિંહબાળ પીડાતો હતો

ગીર પૂર્વના છતડિયા બીટમાં ઘાયલ સિંહ બાળનું કરુણ મોત

ધારી,તા.૦૯

ગીર પૂર્વના સરસિયા રેન્જ હેઠળ આવતા છતડિયા બીટ વિસ્તારમાં ઘાયલ સિંહ બાળના મોતની ઘટના સામે આવી છે. અંદાજે ૩થી ૪ વર્ષના આ સિંહ બાળને ગળાના ભાગે ગંભીર ઈજાઓ થઈ હતી. છેલ્લા ૧૦થી ૧૨ દિવસથી તે પીડાઈ રહ્યો હોવા છતાં સમયસર સારવાર ન મળતાં તેનું મોત નીપજ્યું હોવાનો આક્ષેપ થઈ રહ્યો છે. આ ઘટનાને પગલે વન વિભાગની પેટ્રોલિંગ વ્યવસ્થા અને કામગીરી સામે સવાલો ઊભા થયા છે. વન્યજીવ પ્રેમીઓમાં પણ રોષ જોવા મળી રહ્યો છે.મળતી માહિતી મુજબ, છતડિયા બીટ વિસ્તારમાં સિંહ બાળ ગળાના ભાગે ગંભીર



તસવીર : સંજય વાળા

ઈજાઓ સાથે લાંબા સમયથી પીડાતો હતો. સ્થાનિકોના જણાવ્યા અનુસાર, સરસિયા રેન્જના ધારી રાઉન્ડના ફોરેસ્ટર, ગાર્ડ સહિતના સ્ટાફ દ્વારા નિયમિત પેટ્રોલિંગ કરવામાં આવતું ન હોવાથી ઘાયલ સિંહ બાળની સમયસર જાણ થઈ શકી ન હતી. પરિણામે, તેની સ્થિતિ ગંભીર બન્યા બાદ વન વિભાગને તેની જાણ થઈ હોવાનો આક્ષેપ કરવામાં આવી રહ્યો છે. મળતી વિગતો અનુસાર, સિંહ બાળની સ્થિતિ અત્યંત નાજુક બન્યા બાદ વન વિભાગ દ્વારા તેનું રેસ્ક્યૂ ઓપરેશન હાથ ધરવામાં આવ્યું હતું. ત્યારબાદ તેને તાત્કાલિક સારવાર માટે આંબરડી સફારી પાર્ક ખાતે ખસેડવામાં આવ્યો હતો. જોકે, ગળાના ભાગે થયેલી ગંભીર ઈજાઓ અને લાંબા સમયથી સારવાર ન મળ્યાની સ્થિતિ વચ્ચે સારવાર દરમિયાન જ સિંહ બાળનું મોત નીપજ્યું હતું. જો સમયસર તેની ઈજાઓની જાણ થઈ હોત અને સારવાર મળી હોત, તો તેને બચાવી શકાયો હોત કે કેમ તે તપાસનો વિષય છે.

વન્યજીવ પ્રેમીઓમાં રોષ, તપાસની માંગ

આ ઘટનાને પગલે સ્થાનિકો અને વન્યજીવ પ્રેમીઓએ વન વિભાગની કામગીરી સામે નારાજગી વ્યક્ત કરી છે. સ્થાનિકોના આક્ષેપ મુજબ, વન વિભાગની ટીમની મેદાની હાજરી અને નિયમિત દેખરેખના અભાવે વન્યજીવોને સમયસર મદદ મળી શકતી નથી. આવી ઘટનાઓમાં જવાબદારી નક્કી કરવાની જરૂરિયાત પણ વ્યક્ત કરવામાં આવી છે.

વન વિભાગની કામગીરી સામે સવાલો, જવાબદારો સામે પગલા ભરવાની માંગ

અમરેલીમાં જિલ્લા કક્ષાની રૂરલ આઈટી ક્વિઝ યોજાઈ



અમરેલી,તા.૦૯

અમરેલીમાં ગુજકોસ્ટ, ડીએસટી અને ગુજરાત કાઉન્સિલ ઓન સાયન્સ એન્ડ ટેકનોલોજીના માર્ગદર્શન હેઠળ જિલ્લા કક્ષાની રૂરલ આઈટી ક્વિઝ યોજાઈ હતી. વિવિધ શાળાના વિદ્યાર્થીઓએ ભાગ લીધો હતો. જેમાં ૧૨ વિદ્યાર્થીઓની છ ટીમની પસંદગી થઈ છે. આ ટીમો ૧૩ ઓક્ટોબરે ગાંધીનગર ખાતે યોજાનારી રાજ્ય કક્ષાની ક્વિઝમાં અમરેલી જિલ્લાનું પ્રતિનિધિત્વ કરશે.

બગસરામાં તાલુકા કક્ષાના કલા મહાકુંભનું આયોજન કરાયું

ઝવેરચંદ મેઘાણી હાઈસ્કૂલ ખાતે યુવા કલાકારોએ પ્રતિભા રજૂ કરી

બગસરા,તા.૦૯

બગસરાની ઝવેરચંદ મેઘાણી હાઈસ્કૂલ ખાતે તાલુકા કક્ષાના કલા મહાકુંભ-૨૦૨૬નું આયોજન કરવામાં આવ્યું હતું. કાર્યક્રમના ઉદ્ઘાટન પ્રસંગે



તસવીર : મયુર પંડ્યા

બગસરા નગરપાલિકાના પ્રમુખ નીરવ ગોંડલીયા સહિતનાઓ હાજર રહ્યા હતા. કલા મહાકુંભનો મુખ્ય હેતુ વિદ્યાર્થીઓ અને યુવા કલાકારોને પોતાની સર્જનાત્મકતા તથા સાંસ્કૃતિક કૌશલ્ય રજૂ કરવા માટે મંચ પૂરો પાડવાનો હતો. સ્પર્ધામાં વિવિધ કલાઓ સાથે જોડાયેલા પ્રતિભાગીઓએ પોતાની પ્રતિભા રજૂ કરી હતી. કાર્યક્રમનું આયોજન હાઈસ્કૂલના આચાર્ય વી.કે.જેઠવા અને 'ટીમ મેઘાણી' દ્વારા કરવામાં આવ્યું હતું. કલા મહાકુંભથી યુવા કલાકારોને પ્રોત્સાહન મળ્યું હતું.

બગસરાના મીત બોરીસાગરે IIT જમ્મુમાં ૯ સીજીપીએ સાથે B.Tech પૂર્ણ કર્યું

બગસરા,તા.૦૯



બગસરાના હોનહાર વિદ્યાર્થી મીત અશ્વિનકુમાર બોરીસાગરે આઈઆઈટી જમ્મુ ખાતે કોમ્પ્યુટર સાયન્સમાં બીટેકનો અભ્યાસ ૯ સીજીપીએ સાથે પૂર્ણ કરી ડિગ્રી પ્રાપ્ત કરી છે.

ત્યારબાદ પબ્લિસિસ સેપિયન્ટ ગુડગાંવ કંપનીમાં તેમને સારા પેકેજ સાથે નોકરી મળી છે. મીતે પોતાની શૈક્ષણિક સિદ્ધિથી બગસરા શહેર, સમસ્ત બ્રહ્મ સમાજ, રાજગોર સમાજ અને ખાસ કરીને બોરીસાગર પરિવારનું ગૌરવ વધાર્યું છે.

લીલીયા મોટામાં સોમવારે કપાસની જાહેર હરાજી શરૂ કરવામાં આવશે

ભાભા માર્કેટયાર્ડમાં ૧૨ ઓક્ટોબરથી ખેડૂતો માટે ખુલ્લી હરાજી, સાચો તોલ અને રોકડા નાણા

અમરેલી,તા.૦૯

લીલીયા મોટા ખેતીવાડી ઉત્પન્ન બજાર સમિતિ સંચાલિત ભાભા માર્કેટ યાર્ડ લીલીયા મોટા મુકામે આગામી તા.૧૨/૧૦/૨૦૨૬ ને સોમવારના રોજ બીજ નોરતાથી કપાસની ગાસડીની જાહેર હરાજીનું કામકાજ શરૂ કરવામાં આવનાર છે.

લીલીયા વિસ્તારના તમામ ખેડૂત ભાઈઓને જાણ કરવામાં આવે છે કે પોતાના કપાસની વકલ પ્રમાણે જ ગાસડી કરીને લાવવી. ખેડૂતો પોતાના ખેતરમાં ઉત્પન્ન થયેલો કપાસ માર્કેટ યાર્ડમાં પોષણક્ષમ ભાવ મેળવવા માટે લાવે તેવી અપીલ છે. સનાળીયા રોડ, રેલવે સ્ટેશન સામે આવેલા યાર્ડમાં સાચો તોલ અને રોકડા નાણાની વ્યવસ્થા છે. વધુ માહિતી માટે મો. ૯૯૭૯૧૨૪૬૬૪ પર સંપર્ક કરવો.

નવા માલકનેશ ગામેથી ૭ લિટર દેશી દારૂ પકડાયો

જિલ્લામાં ૬ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં ઝડપાયા

ખાંભા,તા.૦૯

ખાંભાના નવા માલકનેશ ગામેથી ૭ લિટર દેશી દારૂ પકડાયો હતો, જ્યારે શેલણા ગામેથી પણ ૨ લિટર દેશી દારૂ મળી આવ્યો હતો. પોલીસે બંને સ્થળેથી કુલ રૂ. ૧,૮૪૦નો પ્રોહિબિશન મુદ્દામાલ જપ્ત કરી આગળની કાયદેસરની કાર્યવાહી હાથ ધરી હતી.

આ ઉપરાંત, જિલ્લામાં વિવિધ સ્થળોએથી ૬ ઈસમો કેફી પીણું પીધેલી હાલતમાં રખડતા-ફરતા મળી આવતાં પોલીસે તેમની સામે પણ ગુનો નોંધી કાર્યવાહી કરી હતી.

સહકારી અગ્રણી દિલીપ સંઘાણીએ અમરેલીમાં બાળકોને ચોકલેટ આપી શહેરની સફર કરાવી

અમરેલી,તા.૦૯



રાષ્ટ્રીય સહકારી ક્ષેત્રના અગ્રણી દિલીપ સંઘાણીએ પોતાની સાદગી અને બાળપ્રેમનો પરિચય આપીને લોકોના દિલ જીતી લીધા છે. ભાજપના કાર્યકર બાબુભાઈ હિરપરાના ખબરઅંતર પુછવા તેમના નિવાસસ્થાને પહોંચેલા દિલીપભાઈ સંઘાણીને શેરીના બાળકો ઘેરી વળ્યા હતા. ગાડીમાં કાયમ ચોકલેટ રાખતા હોઈ બાળકોને ચોકલેટ વહેંચતા બાળકો ખુશાલીથી ઝુમી ઉઠયા હતા. એક બાળકે ગાડીમાં બેસવાની ઈચ્છા દર્શાવતા સમગ્ર બાળટીમને ગાડીમાં બેસાડી શહેરની સફર કરાવી હતી.

હીરાભાઈ સોલંકીના હસ્તે ખાંભા પંથકમાં લોકાર્પણ-ખાતમુહૂર્ત કરાયુ

રાજુલા,તા.૦૯

ખાંભા તાલુકાના ગ્રામ્ય વિસ્તારોમાં ધારાસભ્ય હીરાભાઈ સોલંકીના હસ્તે કરોડો રૂપિયાના વિકાસ કામોના ખાતમુહૂર્ત અને લોકાર્પણ કરાયા હતા.



સવારે ૧૦ વાગ્યે મુંજીયાસર ખાતે નવી પ્રાથમિક શાળાનું લોકાર્પણ તથા આંગણવાડીનું ખાતમુહૂર્ત કરાયું હતું. અહીં વૈદિક મંત્રોચ્ચાર સાથે ભૂમિપૂજન થયું હતું અને ધારાસભ્યનું સન્માન કરાયું હતું. ત્યારબાદ ૧૦:૩૦ વાગ્યે જુના માલકનેશમાં ગ્રામ પંચાયત ભવનનું ખાતમુહૂર્ત તથા ૧૧ વાગ્યે દડલીમાં આંગણવાડીનું ખાતમુહૂર્ત અને પંચાયત ભવનનું લોકાર્પણ કરવામાં આવ્યું હતું. ધારાસભ્યએ જણાવ્યું કે બાળકોનું ઉજ્જવળ ભવિષ્ય અને ગામડાઓનો વિકાસ તેમની પ્રાથમિકતા છે. આ પ્રસંગે ભાજપના હોદ્દેદારો, સરપંચો, શાળા પરિવાર અને ગ્રામજનો મોટી સંખ્યામાં હાજર રહ્યા હતા.

સાવરકુંડલા તા.પં.ની સામાન્ય સભામાં નિર્મળ વાટલિયાનો પ્રતિકાત્મક વિરોધ

અમરેલી,તા.૦૯

સાવરકુંડલા તાલુકા પંચાયતની સામાન્ય સભામાં તાલુકા પંચાયતના સભ્ય નિર્મળ વાટલિયાએ ગામડાંમાંથી યુવાનો અને પરિવારોના શહેરો તરફ થઈ રહેલા સ્થળાંતરના મુદ્દે રજૂઆત સાથે પ્રતિકાત્મક વિરોધ નોંધાવ્યો હતો.નિર્મળ વાટલિયાએ જણાવ્યું હતું કે, ગામડાંમાં રોજગારની તકો, સારા રસ્તા, શિક્ષણ, આરોગ્ય, પીવાનું પાણી અને સિંચાઈ જેવી પાયાની સુવિધાઓ ઉપલબ્ધ નહીં બને તો ગામડાં ખાલી થતાં જશે. આજે અનેક ગામોમાં ઘેરઘેર તાળાં જોવા મળી રહ્યાં છે અને યુવાનો રોજગાર માટે શહેરોમાં જવા મજબૂર બની



રહ્યા છે.તેમણે ગામડાંમાંથી થતા પલાયનને ગંભીર સમસ્યા ગણાવી તાલુકા પંચાયતની સામાન્ય સભામાં સત્તાવાર ચર્ચા કરવાની માંગ કરી હતી.

ઉપરાંત, સરકારી યોજનાઓ અને પંચાયતની ગ્રાન્ટનો અસરકારક ઉપયોગ કરીને ગ્રામ્ય વિસ્તારોમાં સુવિધાઓ વિકસાવવા તથા રોજગારલક્ષી સમયબધ્ધ આયોજન કરવાની માંગ કરી હતી.







અમરેલીમાં વોકેશનલ ટ્રેનર્સ દ્વારા પડતર પ્રશ્નો અંગે કલેક્ટરને આવેદનપત્ર પાઠવાયું

ફિક્સ પગાર રૂ. ૨૪,૦૦૦ ચૂકવવા અને રજાના દિવસોનો પગાર ન કાપવા સહિતની માગણીઓ સાથે જિલ્લા શિક્ષણ અધિકારીને રજૂઆત

અમરેલી,તા.૦૯



અમરેલી ખાતે વોકેશનલ ટ્રેનર્સના સંઘ દ્વારા પડતર પ્રશ્નોના ઉકેલ માટે જિલ્લા શિક્ષણ અધિકારી અને કલેક્ટરને આવેદનપત્ર પાઠવવામાં આવ્યું હતું. સમગ્ર શિક્ષા અભિયાન અંતર્ગત રાજ્યની સરકારી અને અનુદાનિત માધ્યમિક તથા ઉચ્ચતર માધ્યમિક શાળાઓમાં વ્યવસાયિક શિક્ષણ આપતા વોકેશનલ ટ્રેનર્સ લાંબા સમયથી વિવિધ પ્રશ્નોનો સામનો કરી રહ્યા છે. આ અંગે વોકેશનલ ટ્રેનર્સ દ્વારા ફિક્સ પગાર રૂ. ૨૪,૦૦૦ ચૂકવવા, રવિવાર તથા જાહેર રજાઓનો પગાર ન કાપવા સહિતની વિવિધ માગણીઓ રજૂ કરવામાં આવી હતી. ઘનશ્યામભાઈ ગોસ્વામી સહિત સંઘના ભાઈઓ અને બહેનોએ આવેદનપત્ર પાઠવી સરકાર સમક્ષ પોતાના પ્રશ્નો રજૂ કર્યા હતા. વોકેશનલ ટ્રેનર્સના પડતર પ્રશ્નોનો તાત્કાલિક ઉકેલ લાવી યોગ્ય ન્યાય આપવા સંબંધિત અધિકારીઓને અનુરોધ કરાયો છે.

ચાવંડની કન્યા શાળામાં રૂ. ૬૦ લાખના ખર્ચે બનેલા પાંચ નવા વર્ગખંડોનું લોકાર્પણ

અમરેલી,તા.૦૯



લાઠી તાલુકાના ચાવંડ ગામે શિક્ષણ ક્ષેત્રે વિકાસનું વધુ એક કાર્ય પૂર્ણ થયું છે. ગામની કન્યા શાળામાં અંદાજે રૂ. ૬૦ લાખના ખર્ચે નિર્માણ પામેલા પાંચ નવા ઓરડાનું લોકાર્પણ ધારાસભ્ય જનકભાઈ તળાવીયાના હસ્તે કરવામાં આવ્યું હતું. નવા ઓરડાઓના નિર્માણથી વિદ્યાર્થીનીઓને અભ્યાસ માટે વધુ સારી સુવિધા મળશે અને શૈક્ષણિક વાતાવરણ સુધરશે.આ પ્રસંગે જનકભાઈ તળાવીયાએ જણાવ્યું હતું કે, શિક્ષણ સમાજના વિકાસનો પાયો છે. બાળકોને ગુણવત્તાયુક્ત શિક્ષણ અને જરૂરી સુવિધાઓ મળે તે માટે સરકારના સહયોગથી વિકાસકાર્યો કરવામાં આવી રહ્યાં છે. લાઠી-બાબરા-દામનગર મતવિસ્તારમાં શિક્ષણ સહિતના ક્ષેત્રોમાં વિકાસને પ્રાથમિકતા આપવામાં આવી રહી છે. કાર્યક્રમમાં શિક્ષણ સમિતિના ચેરમેન, જિલ્લા પંચાયતના પૂર્વ સભ્ય, સરપંચ, ગ્રામ પંચાયતના સભ્યો, આગેવાનો, કાર્યકરો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

પત્ની રિસામણે જતાં પતિને લાગી આવ્યું, ઝેરી દવા પી લીધી

ખાંભાના પીપળવા ગામની ઘટના

ખાંભા,તા.૦૯

ખાંભાના પીપળવા ગામે પત્ની રિસામણે ચાલી જતાં મનમાં લાગી આવવાથી એક યુવકે ઝેરી દવા ગટગટાવી લીધી હતી. બનાવ અંગે દિનેશભાઈ બચુભાઈ ઝાલા (ઉ.વ.૫૦)એ પોલીસમાં જાહેર કરેલી વિગત મુજબ, તેમના પુત્ર જયદીપભાઈ દિનેશભાઈ ઝાલા (ઉ.વ.૨૩)ના પત્ની છેલ્લા ત્રણ-ચાર દિવસથી પિયરમાં રિસામણે ગયાં હતાં. આ વાતનું મનમાં લાગી આવતાં જયદીપભાઈએ ખાંભાના રસ્તે આવેલા રાંદલ માતાના મંદિર પાસે ઝેરી દવા પી લીધી હતી. જેથી તેમને તાત્કાલિક સારવાર અર્થે હોસ્પિટલમાં દાખલ કરવામાં આવ્યા હતા. બનાવ અંગે ખાંભા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. એ. પી. રાઠોડ વધુ તપાસ ચલાવી રહ્યા છે.

લીલીયા કોલેજના ત્રણ એનસીસી કેડેટ્સની 'એક ભારત શ્રેષ્ઠ ભારત' કેમ્પમાં ઉત્સાહભેર ભાગીદારી

લીલીયા,તા.૦૯



લીલીયા સરકારી વિનયન અને વાણિજ્ય કોલેજના ત્રણ એનસીસી કેડેટ્સે અમદાવાદ ખાતે યોજાયેલા 'એક ભારત શ્રેષ્ઠ ભારત' (EBSB) કેમ્પમાં ઉત્સાહપૂર્વક ભાગ લઈને કોલેજનું પ્રતિનિધિત્વ કર્યું હતું. ૬ BN NCC, ભાવનગર દ્વારા ફાળવાયેલી ત્રણ જગ્યાઓ અંતર્ગત ફૈઝાન ઈસુભાઈ સૈયદ, ગોહિલ મિલન અને વણઝારા જયદીપે કેમ્પમાં ભાગ લીધો હતો.કેમ્પ દરમિયાન કેડેટ્સે વિવિધ શૈક્ષણિક અને સાંસ્કૃતિક પ્રવૃત્તિઓમાં ભાગ લીધો હતો. અન્ય રાજ્યોના કેડેટ્સ સાથેના સંવાદથી વિવિધ ભાષાઓ, પરંપરાઓ અને લોકસંસ્કૃતિને સમજવાની તક મળી હતી. આ કેમ્પ દ્વારા રાષ્ટ્રીય એકતા, ભાઈચારો, શિસ્ત, નેતૃત્વ અને દેશપ્રેમના મૂલ્યોને પ્રોત્સાહન મળ્યું હતું. આચાર્ય ડૉ. રાજેન્દ્રસિંહ એ. રાઠોડના નેતૃત્વ હેઠળ તથા એનસીસી ઈન્ચાર્જ ડૉ. શબિર પરમારના માર્ગદર્શનથી કેડેટ્સે ઉત્કૃષ્ટ સહભાગિતા નોંધાવી હતી.

અમરેલીના કાઠમા ગામે ચક્કર આવતાં તળાવના પાણીમાં ડૂબી જતાં પ્રૌઢનું મોત

અમરેલી,તા.૦૯

અમરેલીના કાઠમા ગામે વાય (આંચકી) આવતાં તળાવના પાણીમાં ડૂબી જવાથી એક પ્રૌઢનું મોત નીપજ્યું હતું.બનાવ સંદર્ભે મેહુલભાઈ વીહાભાઈ ઝાપડા (ઉ.વ.૩૪)એ પોલીસમાં જાહેર કરેલી વિગત મુજબ, ઓધવભાઈ નાથાભાઈ ઝાપડા (ઉ.વ. ૫૮) કાઠમા ગામથી રાંઢિયા ગામ જવાના રસ્તે આવેલા ખોડિયાર માના મંદિર પાસે માલ-ઢોર ચરાવવા ગયા હતા.

તે સમયે અચાનક હિસ્ટિરીયા (વાય) આવતાં તેઓ નજીકના તળાવના પાણીમાં પડી ગયા હતા અને પાણીમાં ડૂબી જતાં તેમનું મોત નીપજ્યું હતું. બનાવ સંદર્ભે અમરેલી રૂરલ પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. વી. વી. ડાભી વધુ તપાસ ચલાવી રહ્યા છે.

બગસરા પેસેન્જર એસોસિએશન દ્વારા ડેપો મેનેજર અને ડ્રાઇવરનું સન્માન

બગસરા, તા.



બગસરા પેસેન્જર એસોસિએશન દ્વારા ઉત્કૃષ્ટ કામગીરી બદલ બગસરા એસ.ટી. ડેપોનાં ડેપો મેનેજર ગઢવીબેન અને ડ્રાઇવર ભરતભાઈ બાબરીયાનું સન્માન કરવામાં આવ્યું હતું. શ્રાવણ મહિના નિમિત્તે બગસરાથી સોમનાથ બસ શરૂ કરવાની માંગણીને ડેપો મેનેજરે તાત્કાલિક સ્વીકારી બસ શરૂ કરી હતી. સાથે જ સેવાભાવી ડ્રાઇવર-કંડક્ટરોની નિમણૂકની માંગણી પણ સંતોષવામાં આવી હતી. એક મહિના સુધી સતત બસ ચલાવી મુસાફરોને પૂરતો સહકાર આપવા અને એસ.ટી. વિભાગને સારી આવક અપાવવા બદલ ડ્રાઇવર ભરતભાઈ બાબરીયાને પુષ્પગુચ્છ અને મોમેન્ટો આપી સન્માનિત કરાયા હતા.

લાઠીના રામપર ગામનો બનાવ

મહિલા સાથે છેડતીનો પ્રયાસ કરી મારી નાખવાની ધમકી આપી

શેરીમાં નીકળે ત્યારે સામું જોઈને ઈશારા કરતો હતો

લાઠી,તા.૦૯

લાઠીના રામપર ગામે એક પરિણીતાને 'વાત આપણી બંને વચ્ચે રહેવી જોઈએ, નહીંતર ફરીવાર તારા ઘરે આવીશ' તેમ કહી ધમકી આપવામાં આવી હતી. આ ઉપરાંત, પરિણીતા શેરીમાં નીકળે ત્યારે આરોપી અવારનવાર સામું જોઈને ઈશારા કરી સતામણી કરતો હતો.

બનાવ સંદર્ભે પરિણીતાએ જયંતીભાઈ પોપટભાઈ વસોયા સામે ફરિયાદ નોંધાવી હતી. ફરિયાદ મુજબ, સવારે આશરે સાડા દસેક વાગ્યે પરિણીતા પોતાના ઘરે હાજર હતી, તે સમયે આરોપી ત્યાં આવ્યો હતો. મહિલાએ બનાવેલું નવું મકાન આરોપી જોઈ રહ્યો હતો, તે વખતે તેણે મહિલાની કમરે હાથ ફેરવવા દેવાનું કહેતા મહિલાએ વિરોધ કર્યો હતો, જેથી આરોપીએ ગાળો આપી હતી.ત્યારબાદ આરોપીએ મહિલાના બંને હાથ પકડી ગુનાહિત બળ વાપરી 'આ વાત આપણી બંને વચ્ચે રહેવી જોઈએ, નહીંતર ફરીવાર તારા ઘરે આવીશ' તેમ કહી ધમકી આપી હતી. આ બનાવ પછી પણ આરોપી ઘર પાસેથી શેરીમાં નીકળે ત્યારે અવારનવાર સામું જોઈને ઈશારા કરી તેમની જાતીય સતામણી કરતો હતો. લાઠી પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ કે. એન. ગરૈયા આ મામલે વધુ તપાસ ચલાવી રહ્યા છે.

આજનું પંચાંગ

વિક્રમ સંવત-૨૦૮૨, તિથિ: અમાસ
તા.૧૦-૧૦-૨૦૨૬, શનિવાર, સૂર્યોદય-૦૬:૧૮,
સૂર્યાસ્ત-૦૫:૫૭, જૈન નવકારશી-૮-૧૦,
નક્ષત્ર: હસ્ત

દૈનિક રાશિફળ

તા.૧૦-૧૦-૨૦૨૬ શનિવાર

મેષ:આજે આવકના નવા સ્ત્રોત સર્જાશે. વાણીની નરમાઈ તમને માન આપશે. કેટલાક લોકોને આંખની સમસ્યા નડી શકે છે અથવા અગ્નિદ્રાની સમસ્યા હોઈ શકે છે.

વૃષભ: આજે સંતોષ અને શાંતિનો દિવસ રહેશે. રાજકીય ક્ષેત્રે કરેલા પ્રયત્નો સફળ થશે. શાસન અને સત્તાથી ઘણા ફાયદા થઈ શકે છે. નવી ડીલથી સ્ટેટસ, પ્રતિષ્ઠામાં વધારો થશે.

મિથુન: આજે રોજગાર વેપારના ક્ષેત્રમાં ચાલી રહેલા પ્રયત્નોમાં સફળતા પ્રાપ્ત થશે. સંતાન તરફથી તમને સંતોષજનક સમાચાર પણ મળશે.

કર્ક: આજે તમારી આસપાસનું વાતાવરણ આનંદદાયક રહેશે. પરિવારના બધા સભ્યોની ખુશીમાં વધારો થશે. ઘણા દિવસોથી ચાલી રહેલી કોઈપણ મોટી ટ્રાંઝેક્શનની સમસ્યા ઉકેલાશે.

સિંહ: આજે કડવાશને મીઠાશમાં ફેરવવાની કળા શીખવી પડશે. જીવનસાથીનો સહયોગ મળશે પણ બાળક તરફથી નિરાશાજનક સમાચાર મળી શકે છે.

કન્યા: આજે આજીવિકાના ક્ષેત્રે પ્રગતિ થશે. રાજ્યની પ્રતિષ્ઠા વધશે. બાળકની જવાબદારી નિભાવી શકાય છે. મુસાફરીની સ્થિતિ સુખદ અને લાભકારક રહેશે.

તુલા: આજે કોઈ કિંમતી વસ્તુ ગુમાવવી અથવા ચોરી થવાનો ભય રહેશે, તે ધ્યાનમાં રાખો. બાળકની કોઈપણ સ્પર્ધામાં અણધારી સફળતા વિશે જાણવા મળશે.

વૃશ્ચિક: આજે તમારા સ્વાસ્થ્યમાં-ખુશીમાં થોડો ઘટાડો થઈ શકે છે. વાદ-વિવાદની સંભાવના છે, ધૈર્ય રાખો. વિરોધીઓ મુશ્કેલી લાવી શકે છે.

ધન: આજે તમને પારિવારિક અને આર્થિક મામલામાં સફળતા મળશે. સાથીઓ અને સહકાર્યકરો તરફથી આદર અને સહયોગ પણ પૂરતો રહેશે.

મકર: આજનો દિવસ પુત્ર અને પુત્રીની ચિંતા અને તેમના કાર્યોમાં પસાર થશે. આજે સંબંધી સાથે વ્યવહાર ના કરો કારણકે સંબંધ ખરાબ થવાની સંભાવના છે.

કુંભ: આજે કોઈ શારીરિક સમસ્યા ઊભી થઈ શકે છે. જે બાબતે ડોક્ટરની સલાહ લેવી જોઈએ. જો તમે શરીરને થોડો આરામ આપો તો તે વધુ સારું રહેશે.

મીન: આજે તમારા વિરોધીઓ પણ તમારી પ્રશંસા કરશે. શાસક પક્ષ તરફથી નિકટતાનો લાભ ઉપલબ્ધ થશે. સાસરાવાળા તરફના સહયોગથી વધુ ફાયદો થઈ શકે છે.

રાજુલાના હિંડોરણા ગામે વેપારીને 'હવે જો માટી બાબતે પૂછશો તો જીવતો નહીં રહેવા દઉં' કહી ધમકી આપી

વારંવાર ધમકી આપવામાં આવતા આરોપી સામે પોલીસ ફરિયાદ નોંધાઈ

રાજુલા,તા.૦૯

રાજુલાના હિંડોરણા ગામે એક વેપારીને 'હવે જો માટી બાબતે પૂછશો તો જીવતો નહીં રહેવા દઉં' કહી જાનથી મારી નાખવાની ધમકી આપવામાં આવી હતી. આ ઉપરાંત, 'તારા પિતાને સમજાવી દેજે, ગાળો ન બોલે નહીંતર મજા નહીં આવે' કહી વેપારીના દીકરાને પણ ધમકાવવામાં આવ્યો હતો. બનાવ સંદર્ભે વેપારી આતુભાઈ ઉકાભાઈ મકવાણા (ઉ.વ.૫૬)એ ધર્મેશ ઘનશ્યામભાઈ જાંજાળા, ચિરાગ જાંજાળા અને દીપક ઘનશ્યામભાઈ જાંજાળા સામે ફરિયાદ નોંધાવી હતી.પોલીસમાં જાહેર થયેલી વિગત પ્રમાણે, ફરિયાદી નવી માંડરડી ગામે ગયા હતા. સાંજના આશરે સાડા પાંચેક વાગ્યાના અરસામાં હિંડોરણા ગામે આવેલી તેમની માલિકીના સર્વે નં. ૬૪ પૈકી ૩ તીરુપતિ હાઉસિંગના પ્લોટ નં. ૭માંથી ટ્રેક્ટર તથા જેસીબી વડે માટી ઉપાડીને નુકસાન કરવામાં આવ્યું હતું.આથી વેપારીએ આરોપી ધર્મેશ તથા ચિરાગને પ્લોટમાં માટીના નુકસાન અંગે પૂછતાં ધર્મેશે કહ્યું કે, 'હવે જો માટી બાબતે પૂછશો તો જીવતો નહીં રહેવા દઉં' તેમ કહી જાનથી મારી નાખવાની ધમકી આપી હતી. ઉપરાંત, આરોપી દીપકે વેપારીના દીકરા મહેશભાઈને ફોન કરીને 'તારા પિતાને સમજાવી દેજે ગાળો ન બોલે, નહીંતર મજા નહીં આવે' તેમ કહી ધમકી આપી હતી. આરોપીઓએ પ્લોટમાંથી માટી કાઢીને આશરે રૂ. ૪૦,૦૦૦નું નુકસાન કર્યું હતું. બનાવ અંગે રાજુલા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ જી. જે. કાતરિયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

એમ.પી.ની પરિણીતાનું બાબરાના લુણકી ગામે વાડીએ ઝેરી દવા પી લેતા મોત

બાબરા,તા.૦૯

બાબરાના લુણકી ગામે આવેલી વાડીએ મધ્યપ્રદેશની એક પરિણીતાએ ઝેરી દવા પી લેતાં મોત નીપજ્યું હતું. બનાવ અંગે મૂળ મધ્યપ્રદેશના જોબટ તાલુકાના બયડા ફળિયા ગામના વતની અને હાલ લુણકી ગામે રહેતા દિનેશભાઈ હેમંતભાઈ બઘેલ (ઉ.વ.૩૦) એ પોલીસમાં જાહેર કરેલી વિગત મુજબ, રાત્રે જમીને તેઓ તેમના મિત્રની વાડીએ બેસવા માટે જતા હતા. આ બાબત તેમનાં પત્ની જૂનાબેન દિનેશભાઈ બઘેલ (ઉ.વ.૨૪)ને ગમી ન હતી. આથી મનમાં લાગી આવતાં તેમણે પોતાની મેળે ખેતીના પાકમાં છાંટવાની ઝેરી દવા પી લીધી હતી, જેથી તેમનું મોત નીપજ્યું હતું.

બનાવ સંદર્ભે બાબરા પોલીસ સ્ટેશનના એ.એસ.આઈ. વાય. એચ. ડેર વધુ તપાસ ચલાવી રહ્યા છે.

વડિયા તાલુકાના જીથુડી ગામે વીજ શોકથી પરપ્રાંતીય કિશોરનું મોત

વડિયા,તા.૦૯

વડિયાના જીથુડી ગામે વીજ શોક લાગતાં એક પરપ્રાંતીય કિશોરનું મોત નીપજ્યું હતું. બનાવ અંગે મૂળ મધ્યપ્રદેશના બડવાની જિલ્લાના ગોરા (પોસ્ટ: ગંધવાલ)ના વતની અને હાલ જીથુડી ગામે વાડીએ રહેતા વિકાસ સયારામભાઈ ડાવર (ઉ.વ.૧૯)એ પોલીસમાં જાહેર કરેલી વિગતો મુજબ, તેમનો નાનો ભાઈ અમર સયારામભાઈ ડાવર (ઉ.વ.૧૬) વાડીએ કુદરતી હાજતે ગયો હતો.તે સમયે પાણીની બોટલ ભરવા માટે વાડીમાં આવેલી ઓરડી પાસે જતાં, ઓરડીમાંથી પસાર થઈ રહેલો ઈલેક્ટ્રિક વાયર તેને અડી ગયો હતો. જેના કારણે વીજ કરંટ લાગતાં કિશોરનું સ્થળ પર જ મોત નીપજ્યું હતું. બનાવ સંદર્ભે વડિયા પોલીસ સ્ટેશનના હેડ કોન્સ્ટેબલ એસ. બી. કલસરિયા વધુ તપાસ ચલાવી રહ્યા છે.

રાજુલા શહેરમાં દુર્ગા વાહિની અને માતૃશક્તિ દ્વારા શસ્ત્ર પૂજન યોજાયું

બ્રહ્મ સમાજની ૨૧ બહેનો દુર્ગા વાહિની સાથે જોડાઈ, શરદ પૂર્ણિમાએ પરંપરાગત વેશભૂષામાં રાસ-ગરબા હરીફાઈ યોજાશે

રાજુલા,તા.૦૯




રાજુલામાં વિશ્વ હિન્દુ પરિષદ દ્વારા દુર્ગા વાહિની અને માતૃશક્તિના સંયુક્ત ઉપક્રમે શસ્ત્ર પૂજન કાર્યક્રમ યોજાયો હતો. દીપ પ્રાગટ્ય સાથે કાર્યક્રમની શરૂઆત કરવામાં આવી હતી. આ પ્રસંગે વિશ્વ હિન્દુ પરિષદની ટીમ, દુર્ગા વાહિનીની બહેનો તથા રાસ-ગરબામાં જોડાતી બહેનો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહી હતી. કાર્યક્રમમાં ગોમતીબહેન અને ભૂમિબહેનનું બહેનો દ્વારા સ્વાગત કરવામાં આવ્યું હતું. કાર્યક્રમની વિશેષતા એ રહી કે બ્રહ્મ સમાજની ૨૧ બહેનો દુર્ગા વાહિની સાથે જોડાઈ હતી. બહેનોમાં આત્મરક્ષણ અને સંગઠનભાવના વિકસે તે માટે તલવારબાજી, લાઠીદાવ અને કરાટેની તાલીમ આપવાનું આયોજન કરવામાં આવશે. ઉપરાંત, શરદ પૂર્ણિમાના દિવસે પરંપરાગત વેશભૂષામાં રાસ-ગરબા હરીફાઈ યોજાશે.

તંત્રી લેખ

સાયબર ફ્રોડ સામે ભારતનો પડકાર

આજના ડિજિટલ યુગમાં મોબાઈલ અને ઈન્ટરનેટ જીવનનો અભિન્ન ભાગ બની ગયા છે. ત્યારે ઓનલાઈન ઠગાઈ અને નકલી વીડિયો જેવા જોખમો સામે વિશ્વે એક થવું જોઈએ તેવી પ્રધાનમંત્રી નરેન્દ્ર મોદીની અપીલ આવકારદાયક અને સમયોચિત છે. ડિજિટલ ટેકનોલોજીએ બેંકિંગ, શિક્ષણ, ખેતી અને વેપાર સહિતનાં ક્ષેત્રોમાં ક્રાંતિ લાવી છે, પરંતુ તેની સાથે સાયબર અપરાધોનું પ્રમાણ પણ વધ્યું છે. ફોન કરીને ડરાવવા, લોટરીના નામે પૈસા પડાવવા અને બેંકના નામે નકલી મેસેજ મોકલી લોકોને છેતરવા જેવી ઘટનાઓમાં અનેક લોકો પોતાની મહેનતની કમાણી ગુમાવી રહ્યા છે. આ પૈકી સૌથી ગંભીર પડકાર ડીપફેક ટેકનોલોજીનો છે. કૃત્રિમ બુદ્ધિમત્તા (એઆઈ)ની મદદથી કોઈ વ્યક્તિનો ચહેરો અને અવાજ વાપરીને ભ્રામક વીડિયો બનાવી શકાય છે. આવા વીડિયો વાસ્તવિક લાગતા હોવાથી સામાન્ય નાગરિક માટે સાચા અને ખોટા વચ્ચેનો ભેદ પારખવો મુશ્કેલ બને છે. તેનો ઉપયોગ વ્યક્તિની પ્રતિષ્ઠાને નુકસાન પહોંચાડવા, સમાજમાં વૈમનસ્ય ફેલાવવા અને લોકોમાં ગેરસમજ ઊભી કરવા માટે થઈ શકે છે. આથી ડીપફેક માત્ર ટેકનોલોજીનો દુરુપયોગ નથી, પરંતુ સમાજની શાંતિ અને વિશ્વાસ માટે પણ મોટો ખતરો છે. સાયબર અપરાધો કોઈ એક દેશની સરહદોમાં સીમિત નથી. એક દેશમાં બેઠેલો ગુનેગાર બીજા દેશમાં રહેતા નાગરિકને સરળતાથી નિશાન બનાવી શકે છે. તેથી આ પડકારનો સામનો કરવા માટે આંતરરાષ્ટ્રીય સહયોગ અનિવાર્ય છે. વિવિધ દેશોએ સાયબર સુરક્ષાને લગતા કાયદાઓ મજબૂત બનાવવા, ગુનેગારોની માહિતીની આપલે કરવા અને આધુનિક ટેકનોલોજીનો ઉપયોગ કરીને અપરાધોને અટકાવવા સંયુક્ત પ્રયાસો કરવા જોઈએ. આ દિશામાં ભારતની સક્રિય ભૂમિકા દેશની વધતી જતી ટેકનોલોજીકલ ક્ષમતા અને વૈશ્વિક જવાબદારી દર્શાવે છે. સુરક્ષિત ડિજિટલ વ્યવહારો દેશની આર્થિક પ્રગતિ માટે પણ જરૂરી છે. નાગરિકોનો ઓનલાઈન વ્યવસ્થામાં વિશ્વાસ વધશે તો નાના વેપારીઓ, કારીગરો અને મહિલાઓને ડિજિટલ માધ્યમથી પોતાનો વ્યવસાય આગળ વધારવાની વધુ તક મળશે. પારદર્શિતા વધશે અને ડિજિટલ અર્થવ્યવસ્થાને વેગ મળશે. જોકે, આ લડાઈ માત્ર સરકારની જવાબદારી નથી. દરેક નાગરિકે પણ સાવચેતી રાખવી જરૂરી છે. કોઈપણ સમાચાર કે વીડિયો આગળ મોકલતાં પહેલાં તેની સત્યતા ચકાસવી જોઈએ. અજાણ્યા લોકો સાથે ઓટીપી, બેંકની વિગતો કે વ્યક્તિગત માહિતી શેર ન કરવી, મજબૂત પાસવર્ડ રાખવો અને શંકાસ્પદ લિંકથી દૂર રહેવું જોઈએ. શાળાઓમાં પણ બાળકોને સાયબર સુરક્ષાનું શિક્ષણ આપવું સમયની માંગ છે. આખરે, સુરક્ષિત ઈન્ટરનેટ જ ડિજિટલ ભારતની સાચી પ્રગતિનો પાયો છે. સરકાર, ટેકનોલોજી નિષ્ણાતો અને નાગરિકો સાથે મળીને કાર્ય કરશે તો જ સાયબર ઠગાઈ અને ડીપફેક સામે અસરકારક લડાઈ લડી શકાશે. જાગૃતિ, જવાબદારી અને આંતરરાષ્ટ્રીય સહયોગના સમન્વયથી સુરક્ષિત ડિજિટલ ભારતનું સ્વપ્ન સાકાર થઈ શકશે.

નવરાત્રી એટલે નવ સોપાનઃ મૂલાધારથી સહસ્ત્રાર સુધીની આંતરયાત્રા



આસો માસના શુક્લ પક્ષની પ્રતિપદા સાથે જ્યારે નવરાત્રીનો શુભારંભ થાય છે, ત્યારે સમગ્ર વાતાવરણમાં એક અલૌકિક ઉર્જાનો સંચાર થાય છે. આ પ્રથમ દિવસનું સૌથી મહત્વનું અનુષ્ઠાન એટલે ઘટસ્થાપન. સામાન્ય દ્રષ્ટિએ જોતા આ એક ધાર્મિક વિધિ લાગે, પરંતુ તેની પાછળ રહેલું દર્શન અત્યંત વૈજ્ઞાનિક અને આધ્યાત્મિક છે. ઘટ એટલે કળશ. કળશ એટલે પૂર્ણતા. આપણા વેદોમાં કળશને દેવતાઓનું મુખ કહેવામાં આવ્યું છે. ઘટસ્થાપન વખતે આપણે જે માટીના ઢગલા પર જવ વાવીએ છીએ, તે ધરતીના સર્જનહાર સ્વરૂપનું પ્રતીક છે. જવ એ પ્રથમ અનાજ માનવામાં આવે છે, જે સત્વગુણનું પ્રતીક છે. તેને વાવવાનો અર્થ એ છે કે આપણે આપણા અંતઃકરણમાં સત્વગુણનું વાવેતર કરીએ છીએ. કળશમાં ભરવામાં આવતું પાણી એ અમૃત છે, જેમાં ગંગા, યમુના, સરસ્વતી સહિતના તમામ પવિત્ર નદીઓના જળનું આહ્વાન કરવામાં આવે છે. આ જળ આપણને યાદ અપાવે છે કે જેમ નદીઓ પોતાનું અસ્તિત્વ સમુદ્રમાં ભેળવી દે છે, તેમ આપણે પણ આપણું વ્યક્તિત્વ માતાજીના ચરણોમાં વિલીન કરવાનું છે. નાળિયેરને માનવના મસ્તકનું પ્રતીક માનવામાં આવે છે, તેની જટા એ વાળ છે, તેનું કઠણ કવચ એ અહંકાર છે અને અંદરનું મીઠું પાણી એ નિર્મળ મન છે. તેને કળશ પર મૂકીને આપણે આપણી જાતને દેવીને અર્પણ કરીએ છીએ. આ જ દિવસે જે મહાશક્તિનું આરાધન થાય છે તે છે દેવી શૈલપુત્રી. પૂર્વજન્મમાં દક્ષ પ્રજાપતિની કન્યા સતી તરીકે ઓળખાતી આદ્યશક્તિએ જ્યારે યોગાગ્નિથી દેહત્યાગ કર્યો, ત્યારે તેમણે ફરીથી શૈલરાજ હિમાલયના આંગણે જન્મ લીધો. શૈલની પુત્રી હોવાને કારણે તેઓ શૈલપુત્રી કહેવાયા. તેમનું સ્વરૂપ અત્યંત સૌમ્ય છતાં તેજસ્વી છે. તેમના કરકમળમાં શોભતું ત્રિશૂળ આપણને ભૂત, ભવિષ્ય અને વર્તમાનના ભયથી મુક્ત કરે છે, તો બીજા હાથમાં ધારણ કરેલું પદ્મ આપણને કમળની જેમ


પ્રાસંગિક
સુરેશ દેસાઈ

સંસારમાં રહીને પણ અલિપ્ત રહેવાનો સંદેશ આપે છે. તેમનું વાહન નંદી એટલે વૃષભ, જે સાક્ષાત ધર્મનું સ્વરૂપ છે. આ વાતનું સૂચન કરે છે કે શક્તિ ત્યારે જ કલ્યાણકારી બને છે જ્યારે તે ધર્મ પર આરૂઢ હોય. શૈલપુત્રીનું તત્વ પૃથ્વી તત્વ છે. પૃથ્વી જેમ સર્વને ધારણ કરે છે, સર્વને સહન કરે છે, તેમ આ દેવી સાધકને સહનશીલતા અને ધૈર્ય પ્રદાન કરે છે.

સાધનાના માર્ગમાં સૌથી પહેલો શત્રુ ચંચળતા છે. મન પર્વત જેવું સ્થિર ન હોય તો જપ, તપ, વ્રત બધું વ્યર્થ જાય છે. એટલે જ નવદુર્ગામાં સૌપ્રથમ શૈલપુત્રીની ઉપાસના રાખવામાં આવી છે, જેથી સાધકના ચિત્તને એક આધાર મળે, એક મૂળ મળે. યોગીઓ કહે છે કે આ દેવી મૂલાધાર ચક્રમાં નિવાસ કરે છે, જ્યાં કુંડલિની શક્તિ સુષુપ્ત અવસ્થામાં પડેલી હોય છે. પ્રથમ દિવસની પૂજાથી તે કુંડલિનીને જાગૃત કરવાનો પ્રથમ પ્રયાસ થાય છે. આ દિવસે પૂજાતા નવદુર્ગાના પ્રથમ સ્વરૂપનું નામ શૈલપુત્રી છે. આ નામમાં જ તેનો સમગ્ર ઈતિહાસ અને તત્વજ્ઞાન સમાયેલું છે. શૈલરાજ હિમાલયની તપસ્યા અને મેના દેવીની ભક્તિથી પ્રસન્ન થઈને જગદંબાએ તેમના ઘરે પુત્રી તરીકે અવતાર લીધો. આ અવતારનું રહસ્ય એ છે કે જે શક્તિ પહેલા દક્ષની પુત્રી સતી હતી, તે જ શક્તિ હવે હિમાલયની પુત્રી બની. હિમાલય એટલે સ્થિરતાનું શિખર, અડગતાનું પ્રતીક. તેની પુત્રી એટલે સ્થિરતામાંથી જન્મેલી શક્તિ. આજના માનવીને સૌથી વધુ જરૂર આ સ્થિરતાની જ છે. આપણે બધું જ ઝડપથી મેળવવા માંગીએ છીએ, પણ શૈલપુત્રીનું ચરિત્ર કહે છે કે શિવ જેવા સર્વોચ્ચને પણ મેળવવા માટે પાર્વતીએ વર્ષો સુધી પર્વત પર તપ કરવું પડ્યું હતું. તેમના હાથમાં ત્રિશૂળ છે જે દુઃખ, દારિદ્ર્ય અને દૈન્યનો નાશ કરે છે, અને કમળ જે બ્રહ્મજ્ઞાનનું પ્રતીક છે. તેઓ બળદ પર બેસે છે, જે સ્થિરતા અને પરિશ્રમનું વાહન છે. આધ્યાત્મિક દ્રષ્ટિએ શૈલપુત્રી એ મૂલાધાર ચક્રની દેવી છે. મૂલાધાર એટલે આપણા અસ્તિત્વનો પાયો. જ્યાં સુધી પાયો મજબૂત ન હોય, ત્યાં સુધી કોઈ પણ ઈમારત ટકી શકતી નથી. એવી જ રીતે જ્યાં સુધી મનમાં શૈલપુત્રી જેવી અડગ શ્રધ્ધા ન હોય, ત્યાં સુધી આગળની કોઈ પણ સાધના સફળ થતી નથી. આ રીતે જોતા ઘટસ્થાપન એ આપણા બાહ્ય જીવનને વ્યવસ્થિત કરવાની પ્રક્રિયા છે, જ્યારે શૈલપુત્રીની ઉપાસના એ આંતરિક જીવનને સ્થિર કરવાની પ્રક્રિયા છે. એક આપણને બહારથી પવિત્ર કરે છે, બીજી અંદરથી દૃઢ બનાવે છે. નવરાત્રીના પહેલા દિવસે જ્યારે આપણે ઘટ સ્થાપીએ છીએ ત્યારે આપણે પ્રકૃતિને આમંત્રણ આપીએ છીએ અને જ્યારે શૈલપુત્રીનું સ્મરણ કરીએ છીએ ત્યારે આપણે તે પ્રકૃતિમાં રહેલી અડગ શક્તિને નમન કરીએ છીએ. આ બંનેનો સંગમ જ સાચી નવરાત્રી છે.

નવરાત્રી એટલે ડીજે ના તાલે કુદકા મારવા એવો અર્થ હરગીજ નથી પરંતુ નવરાત્રી એટલે શ્રધ્ધાની રાત, આ નવ દિવસની એક આધ્યાત્મિક યાત્રા છે જેનું પ્રથમ સોપાન એટલે ઘટસ્થાપન.

શબ્દ સંજોગ-૨૨૭૮



આડી ચાવી :

(૧) સૂર્યને સંજ્ઞાથી થયેલા જોડકા પુત્રો (૬)

(૬) એક અટક (૨)

(૮) કમાણી (૪)

(૯) પંચાતિયો (૩)

(૧૧) કાશી, વારાસણી (૪)

(૧૪) તાલનુ આરંભસ્થાન (૨)

(૧૫) દુઃખ, ખેદ (૨)

(૧૬) મોક્ષનુ અધિકારી (૨)

(૧૭) જૈન મૂર્તિના શણગાર (૨)

(૧૯) બારણાનુ ચોકઠું (૪)

(૨૧) તાકડો, દાવ (૨)

(૨૨) દાગીનો, ઘરેણુ (૩)

(૨૪) સૃષ્ટિ, વિશ્વ (૩)

(૨૫) ઝાડનો મૂળ જાડો ભાગ (૨)

(૨૬) સહાયક, મદદગાર (૪)

(૨૮) દૈવયોગે, રખેને (૩)

(૨૯) માલ, મિલકત (૨)

ઉભી ચાવી :

(૧) એક છંદ (૩)

(૨)વાદળ (૩)

(૩) કુટુંબ, વંશ (૨)

(૪) માતા (૨)

(૫) એક ઝાડના રસનો બનતો પદાર્થ (આ-અ) (૩)

(૭) ગુદામાં થતો એક રોગ (૩)

(૧૦) ઉત્તર-પશ્ચિમ ખૂણાને લગતુ (૩)

(૧૨) એક ફળ (૩)

(૧૩) થોડુ, જરાક (૨)

(૧૪) જાગ્યા ત્યાંથી .....(૩)

(૧૬) આકાશમાંથી ગંગાને પૃથ્વી પર લાવનાર રાજા (૪)

(૧૭) ચક્ષુ, નેત્ર (૨)

(૧૮) ઈશ્વર, પરમેશ્વર (૫)

(૧૯) એક જાતનો વેલો (૨)

(૨૦) એક રાગ (૩)

(૨૧) આધાર, ટેકણ (૨)

(૨૩) કઠણ, આકરુ (૩)

(૨૪)....જણાવવાનુ કે... (૨)

(૨૬)....ને ન આવે આચ (૨)

(૨૭) પ્રકાર,તરેહ (૨)

શબ્દ સંજોગ-૨૨૭૭ જવાબ

આડી ચાવીઃ (૧) આરતી (૨) સડો (૪) સંગ (૫) જનોઈ (૭) મદન (૯) વડવાઈ (૧૦) નખ (૧૧) તાડ (૧૨) બડાશ (૧૪) લવણ (૧૮) શમા (૧૯) વન (૨૦) વરમાળા (૨૧) નરઈમ (૨૪) દન (૨૫) જરા (૨૬) દરવાન (૨૭) શ્રી. **ઉભી ચાવીઃ** (૧) આચમન (૨) સગવડ (૩) નઈ (૫) જવાબ (૬) નોઈડા (૮) દખલ (૧૧) તાણ (૧૩) શબનમ (૧૫) વનમાળી (૧૬) શ્રીમાન (૧૭) નવરોજ (૧૯) વદન (૨૨) રદન (૨૩) કોર.

સૌરાષ્ટ્ર માર્કેટિંગયાર્ડ

રાજકોટ

કપાસ બી.ટી.	૧૬૫૫	૧૯૮૫
ઘઉં લોકવન	૫૪૭	૬૦૦
ઘઉં ટુકડા	૫૫૦	૬૬૬
જુવાર સફેદ	૧૨૩૫	૧૪૫૪
જુવાર લાલ	૧૧૦૦	૧૩૬૦
બાજરી	૪૧૫	૪૭૦
તુવેર	૧૪૬૦	૧૯૫૦
ચણા પીળા	૧૧૯૫	૧૫૨૦
ચણા સફેદ	૧૫૫૦	૨૩૦૦
અડદ	૧૪૨૦	૧૯૭૧
મગ	૧૧૫૨	૧૮૧૫
વાલ દેશી	૭૪૦	૧૫૦૦
ચોળી	૧૧૦૦	૨૧૦૦
વટાણા	૭૦૧	૧૦૮૫
રાજમા	૧૮૦૦	૨૨૨૩
સીંગદાણા	૧૬૫૦	૧૯૨૬
મગફળી જાડી	૧૧૨૧	૧૬૨૭
મગફળી જીણી	૧૧૪૧	૧૭૫૫
તલી	૨૨૦૦	૨૭૫૮
એરંડા	૧૨૦૦	૧૮૩૨
અજમો	૩૦૮૦	૩૩૫૦
સોયાબીન	૧૧૦૦	૧૩૪૦
સીંગફાડા	૧૪૦૦	૧૭૨૦
કાળા તલ	૨૫૦૦	૩૭૫૦
લસણ	૧૦૪૧	૨૩૫૦
ધાણા	૨૭૦૦	૨૯૫૦
ધાણી	૨૯૦૦	૩૧૨૫
વરીયાળી	૧૫૦૦	૨૧૯૦
જીરૂ	૪૩૧૧	૪૮૫૦
રાય	૧૪૩૦	૧૮૯૫
મેથી	૭૪૦	૧૮૭૦
ઇસબગુલ	૧૨૦૦	૨૦૦૦
કલોંજી	૪૩૬૫	૫૦૦૦
રાયડો	૧૩૪૦	૧૬૪૮
રજકાનું બી	૬૫૦૦	૯૯૫૦
ગુવારનું બી	૧૩૫૦	૧૪૮૦

રાજકોટ (શાકભાજી)

લીંબુ	૧૮૩૧	૩૬૫૨
પપૈયા	૧૪૨	૩૦૨
બટેટા	૯૫	૩૦૮
ડુંગળી સુકી	૩૧૧	૭૬૫
ટમેટા	૩૧૧	૬૧૪
સુરણ	૩૧૮	૫૦૯
કોથમરી	૫૮૩	૭૯૨
મૂળા	૧૫૩	૩૪૨
રીંગણા	૩૧૪	૬૧૯
કોબીજ	૬૬	૧૪૮
ફ્લાવર	૨૨૩	૩૩૪
ભીંડો	૫૩૧	૯૮૭
ગુવાર	૬૪૪	૧૬૫૪
ચોળાસીંગ	૫૮૨	૧૦૩૭
વાલોળ	૭૧૫	૧૨૧૬
ટીંડોળા	૪૧૮	૭૭૨
દુધી	૧૩૬	૨૪૫
કારેલા	૩૮૯	૫૧૪
સરગવો	૭૩૬	૧૪૨૮
તુરીયા	૩૭૭	૭૯૨

પરવર	૪૭૮	૭૧૩
કાકડી	૨૮૩	૯૮૪
ગાજર	૨૪૬	૩૩૪
વટાણા	૨૦૪૮	૩૦૧૫
તુવેરસીંગ	૫૩૯	૭૪૨
કંટોળા	૧૬૧૦	૨૦૨૨
ગલકા	૩૧૪	૫૯૪
બીટ	૩૩૯	૫૫૨
મેથી	૮૩૮	૧૫૮૭
વાલ	૭૧૫	૧૨૨૮
ડુંગળી લીલી	૨૧૨	૪૨૨
આદુ	૧૩૧૩	૩૦૨૬
મરચા લીલા	૧૫૪	૫૨૭
હળદર લીલી	૬૧૨	૮૨૩
લસણ લીલું	૩૦૧૫	૪૦૨૮
મગફળી લીલી	૬૧૪	૯૩૦
મકાઇ લીલી	૧૪૩	૨૮૭

ગોંડલ

કપાસ	૧૫૦૧	૧૯૨૬
ઘઉં લોકવન	૫૩૬	૫૯૪
ઘઉં ટુકડા	૫૧૮	૬૬૬
મગફળી જીણી	૧૦૪૧	૧૭૦૬
સિંગદાણા જાડા	૧૬૫૦	૧૮૦૦
સિંગ ફાડીયા	૮૫૧	૧૭૫૧
એરંડા / એરંડી	૧૪૦૧	૧૫૫૧
તલ લાલ	૨૫૪૧	૨૫૮૧
જીરૂ	૨૯૫૧	૪૮૬૧
ધાણા	૨૭૫૧	૩૧૦૧
ડુંગળી લાલ	૧૦૧	૮૫૧
અડદ	૧૦૦૦	૧૯૨૧
તુવેર	૧૩૦૦	૧૯૯૧
મેથી	૬૫૧	૧૫૪૧
કાંગ	૫૦૦	૭૦૧
મગફળી જાડી	૯૬૧	૧૬૬૧
સફેદ ચણા	૧૩૭૧	૨૩૯૧
મગફળી દૂર	૧૪૫૧	૨૨૮૬
તલ - તલી	૧૮૦૦	૨૯૪૧
ધાણી	૨૮૦૧	૩૧૨૧
બાજરો	૪૧૧	૪૪૧
જુવાર	૧૩૬૧	૧૫૯૧
મકાઇ	૪૩૧	૬૧૧
મગ	૧૧૫૧	૧૮૦૧
ચણા	૧૧૬૧	૧૫૧૬
વાલ	૧૩૨૬	૧૩૮૧
વાલ પાપડી	૧૮૭૬	૧૯૫૧
ચોળા / ચોળી	૧૦૦૦	૧૬૦૧
સોયાબીન	૧૦૦૧	૧૩૩૬
રજકાનું બી	૪૭૦૧	૬૮૦૧
ગોગળી	૮૫૧	૧૩૬૧
વટાણા	૩૦૦	૧૦૨૧

ગોંડલ (શાકભાજી)

ટમેટા	૨૦૦	૬૦૦
મરચા	૨૦૦	૮૦૦
ગુવાર	૨૦૦	૨૨૦૦
કોબી	૮૦	૨૦૦
દુધી	૧૦૦	૩૦૦
ફ્લાવર	૩૦	૫૬૦
કાકડી	૧૮૦	૧૦૦૦

રીંગણા	૨૦૦	૧૦૦૦
ભીંડો	૨૦૦	૧૦૦૦
ગલકા	૨૦૦	૬૦૦
ગાજર	૨૦૦	૮૦૦
ટિંડોરા	૨૦૦	૬૦૦
વાલ	૨૦૦	૧૫૦૦
વટાણા	૨૪૦૦	૩૦૦૦
શક્કરીયા	૫૦૦	૬૦૦
કેરી કાચી	૨૪૦૦	૩૦૦૦
બટેટા	૧૬૦	૨૭૦
અંબાળા	૮૦૦	૧૨૦૦
લીલી હળદર	૫૦૦	૧૦૦૦
ડુંગળી પુરા	૫	૧૫
તાંજરીયા પુરા	૪	૬
કોથમીર પુરા	૧	૫
મૂળા પુરા	૩	૬
ફ્રોદીનો પુરા	૧	૫
કાચા કેળા	૧૬૦	૩૦૦
ચુરણ	૨૦૦	૮૦૦
પરવર	૬૦૦	૭૦૦
ઘીસોડા	૧૮૦	૮૦૦
લીંબુ	૨૦૦	૩૮૦૦
મેથી પુરા	૫	૨૧
બીટ પુરા	૪	૧૫
સરગવો પુરા	૧૦	૨૫
ચોરા	૨૦૦	૧૦૦૦
કારેલા	૧૮૦	૬૦૦
વાલોર	૨૦૦	૧૬૦૦
મગફળી લીલી	૮૦૦	૯૦૦
કાચા પોપૈયા	૧૦૦	૨૦૦
આદુ	૨૦૦	૧૬૦૦
મકાઇ ડોડા	૨૦૦	૪૦૦
લસણ પુરા	૧૦	૨૦
પાલક પુરા	૩	૬

અમરેલી

ગીરનાર શિંગ	૧૦૫૦	૧૫૨૫
શિંગ મોટી	૧૧૯૫	૧૫૫૫
શિંગદાણા ફાડા	૧૪૦૦	૧૭૯૦
તલ સફેદ	૨૦૯૦	૨૮૪૫
તલ કાળા	૨૪૦૦	૩૭૦૦
તલ કાશમીરી	૨૨૨૫	૨૫૩૦
બાજરો	૩૫૦	૪૩૫
જુવાર	૯૫૦	૧૩૮૦
ઘઉં ટુકડા	૫૨૫	૭૨૫
ઘઉં લોકવન	૪૫૫	૫૬૫
મગ	૧૫૦૦	૧૮૭૫
અડદ	૧૩૩૦	૧૯૬૦
ચણા	૯૯૦	૧૪૬૫
સફેદ ચણા	૧૩૩૦	૧૩૪૦
ચોળી	૧૦૫૦	૧૪૦૦
તુવેર	૮૫૦	૧૭૫૦
કપાસ	૧૦૦૦	૧૯૭૫
એરંડા	૧૪૪૦	૧૫૨૦
જીરૂ	૨૬૫૦	૪૪૭૦
ધાણી	૨૩૧૦	૩૦૫૫
મેથી	૧૨૭૦	૧૪૦૦
સોયાબીન	૧૧૭૦	૧૨૫૦
કાંગ	૭૭૦	૭૮૦

અમરેલી (શાકભાજી)

બટેટા	૧૬૦	૨૬૦
રીંગણા	૫૦૦	૯૦૦
ફ્લાવર	૨૧૦	૪૦૦
કોબીજ	૧૬૦	૨૫૦
શક્કરીયા	૯૫૦	૧૦૫૦
ટમેટા	૫૦૦	૬૦૦
સુરણ	૯૫૦	૧૦૫૦
ગાજર	૫૦૦	૬૦૦
દુધી	૨૦૦	૨૫૦
કારેલા	૫૨૦	૬૩૦
ગલકા	૩૦૦	૪૨૦
મૂળા	૧૬૦	૨૨૦
કાકડી	૩૫૦	૬૦૦
ગુવાર	૧૦૩૦	૧૪૨૦
વાલોળ	૯૫૦	૧૦૫૦
વટાણા	૨૮૦૦	૩૦૦૦
ચોળા લીલા	૮૦૦	૯૦૦
તુરીયા	૭૦૦	૮૦૦
લીલી તુવેર	૧૨૦૦	૧૩૦૦
ચોભડા	૫૦૦	૭૦૦
ભીંડો	૭૨૦	૮૩૦
આદુ	૧૨૦૦	૧૩૦૦
કોથમીર	૫૦૦	૮૦૦
મેથીભાજી	૭૦૦	૮૦૦
ફ્રોદીનો	૧૦૦૦	૧૨૦૦
ટીંડોરા	૫૦૦	૬૦૦
બીટ	૬૦૦	૭૦૦
શીંગઓળા	૯૦૦	૯૪૦
સરગવો	૧૦૫૦	૧૨૫૦
લીમડો મીઠો	૧૭૦	૨૦૦
મરચા લીલા	૫૦૦	૮૦૦
મરચા લાલ	૫૦૦	૮૦૦
ડુંગળી લીલી	૩૨૦	૪૩૦
ડુંગળી સુકી	૬૦૦	૮૦૦
લસણ લીલું	૨૦૦૦	૨૫૦૦
લસણ સુકું	૧૬૦૦	૨૩૦૦
પાલક	૬૫૦	૭૦૦
લીંબુ	૨૦૬૦	૩૦૦૦
મકાઇ	૨૩૦	૩૬૦
વાલ	૯૩૦	૧૦૦૦

સાવરકુંડલા

શીંગ જીણી	૧૩૫૦	૧૫૬૦
શીંગ મોટી	૩૨૦૦	૩૭૭૫
તલ સફેદ	૨૨૫૦	૨૭૦૦
તલ કાળા	૩૨૦૦	૩૭૭૫
જીરૂ	૪૨૮૦	૪૯૦૦
કપાસ	૧૮૭૫	૧૯૫૦
ઘઉં લોકવન	૫૨૦	૫૬૧
ઘઉં ટુકડા	૫૨૫	૫૭૩
બાજરો	૩૫૦	૫૦૯
જુવાર	૭૫૦	૧૪૦૦
મગ	૧૧૫૦	૧૫૫૦
અડદ	૧૬૪૦	૧૮૭૫

ભેંસાણ

કપાસ	૧૪૮૦	૧૯૭૮
ઘઉં	૪૯૨	૫૫૦
મકાઇ	૩૨૧	૫૦૦
મગ	૧૦૦૦	૧૬૫૨
ચણા	૧૦૫૦	૧૪૯૬
વાલ	૩૪૦	૫૫૦
અડદ	૧૩૦૦	૧૮૧૦
તુવેર	૧૧૦૦	૧૮૦૦
મગફળી	૧૦૫૦	૧૫૩૬
શિંગ દાણા	૧૨૦૦	૧૮૫૦
શિંગ ફાડા	૧૦૦૦	૧૭૦૦
એરંડા	૧૦૦૦	૧૨૫૦
તલ સફેદ	૧૫૧૦	૨૬૦૦
તલ કાળા	૧૮૦૦	૩૪૦૦
મેથી	૯૦૦	૧૩૫૦
જીરૂ	૨૨૦૦	૪૮૦૦
ધાણા	૨૩૫૦	૨૯૦૦
સોયાબીન	૧૦૦૦	૧૩૨૦

મહુવા

શીંગ ગીરનારી	૧૫૮૫	૧૪૮૦
શીંગ દૂર	૧૫૦૦	૨૧૫૫
શીંગ ૩૯	૧૧૦૦	૧૫૯૩
શીંગ જી-૨૦	૧૨૫૧	૧૫૬૧
જુવાર	૪૭૧	૯૦૦
બાજરી	૪૪૧	૫૦૩
બાજરો	૫૦૦	૫૭૦
ઘઉં ટુકડા	૫૦૪	૬૩૭
મકાઇ	૫૩૬	૫૭૧

કપાસ	૧૮૦૦	૧૯૬૧
મગફળી	૧૦૦૦	૧૩૪૧
ઘઉં	૫૨૫	૫૪૧
ચણા	૧૩૪૦	૧૩૪૦
તુવેર	૧૭૩૫	૧૭૩૫
અડદ	૧૭૦૫	૧૭૦૫
સોયાબીન	૧૧૨૫	૧૧૨૫

બગસરા

કપાસ	૧૮૫૦	૧૯૬૦
ઘઉં ટુકડા	૫૩૨	૫૬૦
ઘઉં લોકવન	૪૦૦	૫૬૦
અડદ	૧૭૦૦	૧૯૦૦
મગફળી	૭૫૦	૧૨૩૦
ચણા	૧૩૦૦	૧૪૫૧
શીંગદાણા	૧૪૫૦	૧૮૦૦
તુવેર	૯૦૦	૧૭૦૦
સોયાબીન	૧૧૮૫	૧૨૫૫
ધાણા	૨૪૫૦	૨૪૫૦
મકાઇ	૪૫૦	૪૫૦

બાબરા

કપાસ	૧૭૭૦	૧૯૬૦
કપાસ મીડીયમ	૧૪૬૦	૧૬૪૦
મગફળી	૧૩૭૦	૧૪૮૭
જીરૂ	૪૦૨૦	૪૪૫૦
ઘઉં	૫૧૧	૫૬૫
ચણા	૧૩૪૦	૧૩૪૦
તુવેર	૧૭૩૫	૧૭૩૫
અડદ	૧૭૦૫	૧૭૦૫
સોયાબીન	૧૧૨૫	૧૧૨૫

બગસરા

કપાસ	૧૮૫૦	૧૯૬૦
ઘઉં ટુકડા	૫૩૨	૫૬૦
ઘઉં લોકવન	૪૦૦	૫૬૦
અડદ	૧૭૦૦	૧૯૦૦
મગફળી	૭૫૦	૧૨૩૦
ચણા	૧૩૦૦	૧૪૫૧
શીંગદાણા	૧૪૫૦	૧૮૦૦
તુવેર	૯૦૦	૧૭૦૦
સોયાબીન	૧૧૮૫	૧૨૫૫
ધાણા	૨૪૫૦	૨૪૫૦
મકાઇ	૪૫૦	૪૫૦

બાબરા

કપાસ	૧૭૭૦	૧૯૬૦
કપાસ મીડીયમ	૧૪૬૦	૧૬૪૦
મગફળી

સ્વર્ણિમ ગુજરાત યુથ ફાઉન્ડેશન દ્વારા

જમ્મુ બોર્ડર પર જવાનો સાથે દિવાળીની ઉજવણી કરાશે

સરદાર પટેલની ૧૫૧મી જન્મજયંતિએ પ્રતિમાનું અનાવરણ, સતત આઠમા વર્ષે ૧,૦૦૦ જવાનોને મીઠાઈ અને ભેટ અપાશે

અમરેલી, તા.૦૯



સુરતની સ્વર્ણિમ ગુજરાત યુથ ફાઉન્ડેશન દ્વારા ભારત-પાકિસ્તાનની જમ્મુ બોર્ડરની મુલાકાત લેવામાં આવી હતી. સંસ્થાના પ્રમુખ ઘનશ્યામ બિરલાએ જણાવ્યું હતું કે દેશની સુરક્ષા કરતા બહાદુર જવાનો સાથે સતત આઠમા વર્ષે દિવાળીની ઉજવણી કરવામાં આવશે. આગામી ૩૧ ઓક્ટોબરે સરદાર વલ્લભભાઈ પટેલની ૧૫૧મી જન્મજયંતિ નિમિત્તે જમ્મુ બીએસએફ કેમ્પસમાં તેમની પ્રતિમાનું અનાવરણ કરાશે. ત્યારબાદ કેમ્પસ અને વિવિધ બોર્ડર પર ફરજ બજાવતા ૧,૦૦૦ જવાનોને મીઠાઈ અને ભેટ આપીને દિવાળીની ઉજવણી કરાશે. જવાનો સાથે પારિવારિક ભાવનાથી વિચારગોષ્ઠી પણ યોજાશે. આ અંગે બીએસએફના ડીઆઈજી કુલવંતરાય શર્મા સાથે મુલાકાત કરવામાં આવી હતી. મુલાકાત દરમિયાન જમ્મુ સેક્ટરની સુરક્ષાની જવાબદારી સંભાળતા અધિકારીઓનું સાડી, મીઠાઈ અને સ્મૃતિચિહ્ન આપી સન્માન કરાયું હતું. આ મુલાકાતમાં ટ્રસ્ટી ચેતન ભાલાળા અને દુર્લભ નસિત જોડાયા હતા.

અમરેલીમાં પાણીનું કનેક્શન નથી છતાં રહેવાસીઓને પાણીવેરાનાં બિલ અપાયાં

નગરપાલિકાની કામગીરી સામે નાગરિકોમાં રોષ ફેલાયો

અમરેલી,તા.૦૯

અમરેલી શહેરની અનેક સોસાયટીઓમાં પાણીની સુવિધા ન હોવા છતાં રહેવાસીઓને નગરપાલિકા દ્વારા પાણીવેરાનાં બિલ આપવામાં આવતાં હોવાની ફરિયાદો ઉઠી છે. સ્થાનિક રહેવાસીઓના જણાવ્યા મુજબ, કેટલીક સોસાયટીઓમાં પાણીનું કનેક્શન તો ઠીક, પાણીની પાઇપલાઇન પણ જોવા મળતી નથી, છતાં પાણીવેરો વસૂલવામાં આવી રહ્યો છે. બીજી તરફ, પાણીની સુવિધા મેળવવા માટે અનેક રહેવાસીઓ નગર સેવા સદનના ધક્કા ખાઈ રહ્યા છે, પરંતુ હજુ સુધી સુવિધા મળી નથી. આ સ્થિતિમાં પાણીવેરાનાં બિલ કેવી રીતે આપવામાં આવ્યાં તે અંગે સવાલો ઊઠ્યા છે. જાગૃત નાગરિકોએ પાલિકાના પદાધિકારીઓને રજૂઆત કરી યોગ્ય તપાસ અને કાર્યવાહી કરવાની માંગ કરી છે. સાથે જ શહેરની છેવાડાની સોસાયટીઓમાં પાણીની સુવિધા ઉપલબ્ધ કરાવવા તાત્કાલિક પગલાં ભરવા માંગ કરી છે.

ઉનાના સનખડા ગામે રૂ. ૧.૬૦ કરોડનાં વિકાસકાર્યોનું ખાતમુહૂર્ત

ઉના,તા.૦૯



ઉના તાલુકાના સનખડા ગામે રૂ. ૧ કરોડ ૬૦ લાખ ૨૪ હજારના વિવિધ વિકાસ કાર્યોનું ધારાસભ્ય કાળુભાઈ રાઠોડના હસ્તે ખાતમુહૂર્ત કરવામાં આવ્યું હતું. જેમાં પાણીની ટાંકી, પેવર બ્લોક, આરસીસી રોડ, ગટર, આંગણવાડી, વાંચનાલય, પાણીની પાઇપલાઇન અને હાઈમાસ્ટ લાઇટ સહિતનાં કામોનો સમાવેશ થાય છે. કાર્યક્રમમાં જિલ્લા પંચાયતના ચેરમેન અજીતસિંહ ગોહિલ સહિત આગેવાનો અને ગ્રામજનો ઉપસ્થિત રહ્યા હતા.

ખોડલધામના ચેરમેન નરેશભાઈ પટેલે 'સંસ્કાર હોમિયોકેર'ની શુભેચ્છા મુલાકાત લીધી

જાણીતા હોમિયોપેથિક નિષ્ણાત ડોક્ટર જીતેન્દ્ર પટેલ સાથે થઈ વિગતવાર ચર્ચા

કાગવડ,તા.૦૯



ખોડલધામ ટ્રસ્ટ-કાગવડના સ્થાપક અને અગ્રણી સામાજિક નેતા નરેશ પટેલે આજરોજ 'સંસ્કાર હોમિયોકેર'ની શુભેચ્છા મુલાકાત લીધી હતી. આ મુલાકાત દરમિયાન તેમણે જાણીતા હોમિયોપેથિક નિષ્ણાત ડોક્ટર જીતેન્દ્ર પટેલ સાથે મુલાકાત કરી હતી અને હોમિયોપેથી ચિકિત્સા પધ્ધતિ તથા તેનાથી થતા સ્વાસ્થ્ય લાભો અંગે વિગતવાર અને અર્થસભર ચર્ચા કરી હતી. આ ખાસ પ્રસંગે પૂર્વ ધારાસભ્ય બાવકુભાઈ ઉંધાડ તેમજ અગ્રણી ઉદ્યોગપતિ વસંતભાઈ મોવલીયા પણ વિશેષ ઉપસ્થિત રહ્યા હતા અને શુભેચ્છા પાઠવી હતી. મુલાકાત દરમિયાન ઉપસ્થિત તમામ મહાનુભાવોએ આરોગ્ય ક્ષેત્રે હોમિયોપેથીના મહત્વ અને તેની ઉપયોગિતા વિશે સકારાત્મક વિચારો આપલે કર્યા હતા. હોમિયોપેથી સારવાર પધ્ધતિને લોકો સુધી પહોંચાડવા માટે પણ સૌએ સહમતી દર્શાવી હતી.

ગીરગઢડા તાલુકાના ફાટસર ગામના ૬૧ ખેડૂતોને આધુનિક સિંચાઈનો લાભ મળશે

પાક ઉત્પાદનમાં ૨૦થી ૩૦ ટકાનો વધારો થવાની શક્યતા

કોડીનાર,તા. ૦૯

ગીરગઢડા તાલુકાના ફાટસર ગામના ખેડૂતો માટે મધી સિંચાઈ યોજના હેઠળ ઘોણેર પીકઅપ વીયરમાંથી **PINS** પ્રોજેક્ટને મંજૂરી આપવામાં આવી છે. આ યોજનાથી ૬૧ ખેડૂતોની અંદાજે ૧૦૦ હેક્ટર જમીનને લાભ મળશે. પાઇપલાઈન દ્વારા ખેતરો સુધી પાણી પહોંચાડીને ટપક સિંચાઈ પધ્ધતિથી પાકના મૂળ સુધી પાણી પહોંચાડવામાં આવશે. આ આધુનિક વ્યવસ્થાથી ૫૦થી ૭૦ ટકા પાણીની બચત અને પાક ઉત્પાદનમાં ૨૦થી ૩૦ ટકાનો વધારો થવાની શક્યતા છે. ઉપરાંત વીજળી, બિયારણ, ખાતર અને મજૂરીના ખર્ચમાં ઘટાડો થવાની આશા છે. યોજનાનું સંચાલન પિયત સહકારી મંડળી દ્વારા કરવામાં આવશે.

વિવેકાનંદ સંસ્કાર કેન્દ્રનો શુભારંભ

અમરેલી,તા.૦૯



અમરેલીના રોકડિયાપરા વિસ્તારમાં બાળકોમાં નૈતિક મૂલ્યો અને સારા સંસ્કારોનું સિંચન થાય તેવા હેતુથી સંગમ ફાઉન્ડેશન ટ્રસ્ટ દ્વારા સ્વામી વિવેકાનંદ સંસ્કાર કેન્દ્રનો શુભારંભ કરવામાં આવ્યો હતો. ટ્રસ્ટની ટીમના સર્વેમાં વિસ્તારમાં વ્યસનનું પ્રમાણ વધુ હોવાનું ધ્યાનમાં આવતા બાળકોને કુસંગત અને વ્યસનથી દૂર રાખવા કેન્દ્ર શરૂ કરવાનો નિર્ણય લેવાયો હતો. કાર્યક્રમમાં ટ્રસ્ટના પ્રમુખ સેવક વિવેકભાઈ તળાવીયા, રાજુભાઈ વઘાસિયા સહિત સ્થાનિક અગ્રણીઓ ઉપસ્થિત રહ્યા હતા. આ પ્રસંગે ભૌતિકભાઈ અરવિંદભાઈ તળાવીયાના પુત્રના પ્રથમ જન્મદિવસની ઉજવણી કોઈ ભપકાદાર હોટલમાં કરવાને બદલે આર્થિક અને સામાજિક રીતે પછાત વિસ્તારના જરૂરિયાતમંદ બાળકો સાથે કરવામાં આવી હતી. બાળકોને નાસ્તો કરાવી ગીત-સંગીત અને આનંદ સાથે ઉજવણી કરવામાં આવી હતી. ટ્રસ્ટની આ સેવાકીય પહેલને સ્થાનિક રહીશોએ બિરદાવી હતી.

વિવિધ સરકારી ભરતી માટે માર્ગદર્શન સેમિનાર યોજાશે

રાજકોટ,તા.૦૯

આગામી સમયમાં ગુજરાત પોલીસમાં કોન્સ્ટેબલ અને **PSI** અને **CCE**/ક્લાસ-૩ની મોટાપાયે ભરતી થવાની છે ત્યારે તેની તૈયારી કરી રહેલા ખોડલધામ પરિવારના ૧૨ પાસ યુવાઓ માટે 'શ્રી ખોડલધામ વિદ્યાર્થી સમિતિ' (**KDVS**) દ્વારા વર્ગો શરૂ કરવામાં આવી રહ્યા છે. આ સંદર્ભે વિદ્યાર્થીઓને યોગ્ય માર્ગદર્શન મળી રહે તે હેતુથી એક આજે વિશેષ માર્ગદર્શન સેમિનારનું આયોજન કરવામાં આવ્યું છે. ૧૦ ઓક્ટોબરે સવારે ૯-૩૦ થી ૧૨ વાગ્યા સુધી રાજકોટ શહેરના ન્યૂ માયાણીનગર સ્થિત સરદાર પટેલ ભવન ખાતે આ સેમિનાર યોજાશે. આ સેમિનારમાં આકાશ પટેલ અને બકુલ પટેલ જેવા નિષ્ણાત ફેકલ્ટીઓ દ્વારા પરીક્ષાલક્ષી સચોટ માર્ગદર્શન આપવામાં આવશે. સ્પર્ધાત્મક પરીક્ષાની તૈયારીના વર્ગોમાં જોડાનાર ઉમેદવારોને શારીરિક કસોટીની ટ્રેનિંગ નિવૃત આર્મીમેન રાકેશ સાકરીયા દ્વારા પૂરી પાડવામાં આવશે. આ ઉપરાંત વિદ્યાર્થીઓ માટે નિઃશુલ્ક રહેવાની સુવિધા તેમજ ૨૪×૭ લાઈબ્રેરીની સુવિધા અને ડિજિટલ ક્લાસરૂમની વ્યવસ્થા પૂરી પાડવામાં આવશે. ગુજરાતની સર્વશ્રેષ્ઠ ફેકલ્ટી ટીમ દ્વારા કોચિંગ તેમજ રેગ્યુલર બેચનું આયોજન કરાશે. પરીક્ષા પધ્ધતિ મુજબ ડેઈલી, વિકલી અને મંથલી ટેસ્ટ દ્વારા સતત મૂલ્યાંકન કરાશે. આ સેમિનારમાં ઉપસ્થિત રહેવા માટે મો.નં. ૭૪૦૫૪૬૯૨૩૯ પર વોટ્સએપ મારફતે રજિસ્ટ્રેશન કરાવવું ફરજિયાત છે.

ખોડલધામમાં પ્રથમ નોરતે કાગવડથી મંદિર સુધી પરંપરાગત પદયાત્રા યોજાશે

કાગવડ, તા.૦૯



હિન્દુ ધર્મના પવિત્ર તહેવાર નવરાત્રીનો પ્રારંભ ૧૧ ઓક્ટોબરથી થઈ રહ્યો છે. દર વર્ષની પરંપરા મુજબ આ વર્ષે પણ નવરાત્રીના પ્રથમ નોરતે શ્રી ખોડલધામ ટ્રસ્ટ-કાગવડ દ્વારા કાગવડ ગામથી ખોડલધામ મંદિર સુધી પરંપરાગત પદયાત્રાનું આયોજન કરવામાં આવ્યું છે. સતત ૧૬મા વર્ષે યોજાનારી આ પદયાત્રામાં ટ્રસ્ટના ચેરમેન નરેશભાઈ પટેલની ઉપસ્થિતિમાં હજારો શ્રધ્ધાળુઓ જોડાશે.

રવિવારે સવારે ૯ કલાકે મા ખોડલના રથની આગેવાનીમાં પદયાત્રાનો પ્રારંભ થશે. શ્રધ્ધાળુઓ જયઘોષ અને ગરબે રમતાં રમતાં મંદિર સુધી પહોંચશે. મંદિર ખાતે મા ખોડલની મહાઆરતી કર્યા બાદ મંદિરના શિખર પર ધ્વજારોહણ કરવામાં આવશે. સાથે જ મંદિરની યજ્ઞશાળામાં યજ્ઞનું આયોજન પણ કરાયું છે.

પદયાત્રામાં ટ્રસ્ટના ટ્રસ્ટીઓ, વિવિધ ઝોનના કન્વીનરો, મહિલા સમિતિ, યુવા સમિતિ, મીડિયા સમિતિ, શિક્ષણ પાંખ સહિત વિવિધ સમિતિઓના સભ્યો અને સમાજના ભાઈઓ-બહેનો જોડાશે. પદયાત્રાના માર્ગ પર સ્વયંસેવકો દ્વારા વ્યવસ્થા જાળવવામાં આવશે. મંદિર ખાતે શ્રધ્ધાળુઓ માટે ફરાળ અને અલ્પાહારની વ્યવસ્થા પણ કરવામાં આવી છે.

નવરાત્રીના નવ દિવસ દરમિયાન મા ખોડલને દરરોજ વિવિધ શણગાર કરવામાં આવશે તથા હવન અને ધ્વજારોહણ સહિતના ધાર્મિક કાર્યક્રમો યોજાશે. આ દરમિયાન મંદિર પરિસરને આકર્ષક લાઇટિંગથી શણગારવામાં આવશે.

ધોરાજીમાં મતવા માલધારી સમાજના મેગા મેડિકલ કેમ્પમાં ૨૦૦ થી વધુ દર્દીએ લાભ લીધો

ધોરાજી,તા.૦૯



તસવીર : નયન કુહાડીયા

ધોરાજીમાં ખાતે દસ્તગીર યંગ ગ્રુપના સહયોગથી સમસ્ત મતવા ખુરેશી માલધારી સમાજ દ્વારા મેગા સર્વ રોગ નિદાન અને મેડિકલ કેમ્પ તેમજ પ્રધાનમંત્રી જનઆરોગ્ય યોજના કાર્ડ કાઢવાનો કેમ્પ યોજાયો હતો. બહારપુરા વિસ્તારમાં આવેલ હાજી ઈબ્રાહિમભાઈ ખુરેશીના નિવાસસ્થાને યોજાયેલા આ કેમ્પમાં મોટી સંખ્યામાં સમાજના લોકો ઉપસ્થિત રહ્યા હતા. પૂર્વ નગરપતિ કાસમભાઈ ખુરેશીએ જણાવેલ કે કેમ્પમાં ધોરાજી સિવિલ હોસ્પિટલના નિષ્ણાત તબીબો તથા મેડિકલ સ્ટાફ દ્વારા વિવિધ રોગોની તપાસ, નિદાન અને જરૂરી સારવાર કરવામાં આવી હતી. ખાસ કરીને સમાજના જરૂરિયાતમંદ લોકો સુધી આરોગ્ય સેવાઓ સરળતાથી પહોંચે તે હેતુથી આયોજિત આ કેમ્પમાં ૨૦૦થી વધુ દર્દીઓનું વિવિધ રોગોનું નિદાન કરવામાં આવ્યું હતું. દર્દીઓને સરકારી હોસ્પિટલ તરફથી જરૂરી દવાઓ પણ વિનામૂલ્યે આપવામાં આવી હતી. સમાજના પ્રમુખ હાજી અમીનભાઈ મતવા, દસ્તગીર યંગ ગ્રુપના પ્રમુખ બાબરભાઈ સુલેમાન ભાઈ મતવા મચ્છી વાલા અને સમાજના આગેવાનો, શ્રેષ્ઠીઓ તથા સમાજના યુવાનો ઉપસ્થિત રહ્યા હતા. કેમ્પનું સંચાલન ધોરાજીના પૂર્વ નગરપતિ કાસમભાઈ ખુરેશી દ્વારા કરવામાં આવ્યું હતું.

સપ્લીમેન્ટ ખોરાકનો વિકલ્પ નથી, ખૂટતા પોષક તત્વોની પૂરક જરૂરિયાત: કાનજીભાઈ ભાલાળા

સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ સુરતના ૧૮૦મા 'વિચારોના વાવેતર' કાર્યક્રમમાં પોષણ અને તંદુરસ્તી અંગે માર્ગદર્શન

સુરત, તા.૦૯



સુરત ખાતે શ્રી સૌરાષ્ટ્ર પટેલ સેવા સમાજ દ્વારા યોજાયેલા ૧૮૦મા 'વિચારોના વાવેતર' કાર્યક્રમમાં કાનજીભાઈ ભાલાળાએ તંદુરસ્તી અને સપ્લીમેન્ટ અંગે માર્ગદર્શન આપ્યું હતું. તેમણે જણાવ્યું કે સપ્લીમેન્ટ ખોરાક કે દવા નથી, પરંતુ શરીરમાં ખૂટતા પોષક તત્વોની પૂરક જરૂરિયાત માટે લેવામાં આવે છે. સપ્લીમેન્ટ ડોક્ટરની સલાહ મુજબ યોગ્ય માત્રામાં લેવું જોઈએ. સંતુલિત આહાર અને જીવનશૈલી તંદુરસ્તીનો આધાર હોવાનું તેમણે જણાવ્યું હતું.

ન્યુટ્રા હેલ્થ કેર પ્રા.લિ.ના ડાયરેક્ટર બીપીનભાઈ કસવાળાએ જણાવ્યું કે બદલાતી ખાણીપીણીની આદતોને કારણે પોષક તત્વોની ઉણપ વધી રહી છે. યોગ્ય ખોરાક સાથે જરૂરિયાત મુજબ સપ્લીમેન્ટનો ઉપયોગ કરી શકાય છે. ડૉ. નાનુભાઈ હરખાણીએ પણ વિટામિન અને પોષણના મહત્વ અંગે માહિતી આપી હતી. કાર્યક્રમમાં ઉધના ઉદ્યોગનગરના પ્રમુખ વિમલભાઈ સાકરિયાનું અભિવાદન કરાયું હતું.

CHANGE OF NAME

I Undersign GANGANI ROJIBEN MUSTAQALI have changed my name from GANGANI ROJIBEN MUSTAKBHAI To GANGANI ROJIBEN MUSTAQALI (New) Now i will be known as GANGANI ROJIBEN MUSTAQALI (new)
Sign : GANGANI ROJIBEN MUSTAQALI
Address: UMIYANAGAR,KHOJA GYATI VADI, AT-BABRA, DIST-AMRELI-365421 GUJARAT INDIA

CHANGE OF NAME

I Undersign GANGANI MUSTAQALI MAHMADBHAI I have changed my SON name from GANGANI AYAN MUSTAKBHAI To GANGANI AYAN MUSTAQALI (New) Now HE will be known as GANGANI AYAN MUSTAQALI (new)
Sign : GANGANI MUSTAQALI MAHMADBHAI
Address: UMIYANAGAR,KHOJA GYATI VADI, AT-BABRA,DIST-AMRELI-365421

CHANGE OF NAME

I Undersign GANGANI MUSTAQALI MAHMADBHAI have changed my name from GANGANI MUSTAKBHAI MAHMADBHAI To GANGANI MUSTAQALI MAHMADBHAI (New) Now i will be known as GANGANI MUSTAQALI MAHMADBHAI (new)
Sign : GANGANI MUSTAQALI MAHMADBHAI
Address: UMIYANAGAR, KHOJA GYATI VADI, AT-BABRA, DIST-AMRELI-365421 GUJARAT INDIA

પાકિસ્તાન અને ચીન સાથે જોડાયેલા કથિત સાયબર ફ્રોડ નેટવર્કનો સુરતમાં પર્દાફાશ

સુરત, તા.૦૯



સુરત સાયબર ક્રાઈમ સેલે આંતરરાષ્ટ્રીય સાયબર ફ્રોડ નેટવર્ક સાથે કથિત સંપર્ક ધરાવતા પોરબંદરના ૨૭ વર્ષીય દિવ્યેશ ઉર્ફે બાપુ મેઘનાની ધરપકડ કરી છે. પોલીસના જણાવ્યા મુજબ, આરોપી ભારતીય બેંક ખાતાંની વિગતો વિદેશી હેન્ડલરો સુધી પહોંચાડતો હોવાની આશંકા છે. કોર્ટમાંથી છ દિવસના રિમાન્ડ મેળવી તપાસ હાથ ધરાઈ છે. જ્વેલરી શોરૂમમાં યુપીઆઈથી થયેલી શંકાસ્પદ ચુકવણી બાદ વેપારીનું બેંક ખાતું ફ્રીઝ થતાં સમગ્ર મામલો સામે આવ્યો હતો. આરોપીના મોબાઈલમાંથી ટેલિગ્રામ અને વોટ્સએપ ચેટ્સ સહિતના ડિજિટલ પુરાવા મળ્યા હોવાનું પોલીસે જણાવ્યું છે. તપાસ મુજબ, કમિશન આપીને મ્યુલ બેંક ખાતાં મેળવવામાં આવતાં અને તેમના દ્વારા સાયબર ઠગાઈની રકમની હેરફેર થતી હોવાની આશંકા છે. આ રકમમાંથી ૧૩ થી ૧૫ ટકા કમિશન કાપીને બાકીની રકમ યુએસડીટી ક્રિપ્ટોકરન્સીમાં ફેરવી દુબઈ સ્થિત હેન્ડલર સુધી પહોંચાડાતી હોવાની વિગતો સામે આવી છે. પોલીસ અન્ય ત્રણ સંભવિત આરોપીઓની ભૂમિકા સહિત સમગ્ર નેટવર્કની તપાસ કરી રહી છે.

ડમ્પરોનો મુદ્દો ગુજરાત હાઈકોર્ટમાં ગૂંજ્યો : ડ્રાઈવર અને પિલિયન રાઈડર માટે હેલ્મેટ ફરજિયાત

અમદાવાદ, તા.૦૯



અમદાવાદમાં વધી રહેલા માર્ગ અકસ્માતો અને બેફામ દોડતા ડમ્પરોના મુદ્દે ગુજરાત હાઈકોર્ટે ચિંતા વ્યક્ત કરી છે. જાહેરહિતની અરજીની સુનાવણી દરમિયાન હાઈકોર્ટે હેલ્મેટના નિયમનું પાલન, ભારે વાહનોની અવરજવર અને ડ્રાઈવિંગ દરમિયાન મોબાઈલના ઉપયોગ અંગે સરકારનું ધ્યાન દોર્યું હતું. હાઈકોર્ટે જણાવ્યું હતું કે રાજ્યમાં ડ્રાઈવર તેમજ પિલિયન રાઈડર માટે હેલ્મેટ ફરજિયાત હોવા છતાં નિયમનું યોગ્ય રીતે પાલન થતું નથી.

અન્ય રાજ્યોમાંથી આવતા લોકો પણ રસ્તા પર હેલ્મેટ વગરના વાહનચાલકોને જોઈ આશ્ચર્ય વ્યક્ત કરે છે. ડમ્પરોના કારણે થતા અકસ્માતો અંગે ચિંતા વ્યક્ત કરતાં હાઈકોર્ટે ટકોર કરી હતી કે વારંવાર અકસ્માતોમાં લોકોનાં જીવ જાય છે. ડમ્પરોની નંબર પ્લેટ ઘણી વખત સ્પષ્ટ દેખાતી ન હોવાનો મુદ્દો પણ ધ્યાન પર આવ્યો હતો. આ ઉપરાંત, વાહન ચલાવતી વખતે મોબાઈલનો ઉપયોગ અને ડેશબોર્ડ પર મોબાઈલ રાખીને વીડિયો જોવાની પ્રવૃત્તિ અંગે પણ હાઈકોર્ટે ચિંતા વ્યક્ત કરી હતી. આ મામલે હવે બે સપ્તાહ બાદ વધુ સુનાવણી હાથ ધરાશે.

જંતર-મંતર વિરોધની ફરિયાદ રદ કરવાના નિર્ણય સામેની અરજી સુપ્રીમે ફગાવી

નવી દિલ્હી, તા.૦૯

સુપ્રીમ કોર્ટે જુલાઈમાં દિલ્હીના જંતર-મંતર ખાતે નીટ પેપર લીકના વિરોધ દરમિયાન નોંધાયેલી એફઆઈઆર રદ કરવાના નિર્ણયને પડકારતી અરજી પર સુનાવણી કરવાનો ઈનકાર કર્યો છે. મુખ્ય ન્યાયાધીશ સૂર્યકાંતે જણાવ્યું કે કોર્ટ યુવા વિદ્યાર્થીઓના ભવિષ્ય અને તેમના પરિવાર અંગે પણ વિચારવા માંગે છે. વિદ્યાર્થીઓ વારંવાર કોર્ટના ચક્કર લગાવે તેવી સ્થિતિ ઊભી કરવી યોગ્ય નથી. અરજદારે એફઆઈઆરની નિષ્પક્ષ તપાસની માંગ કરી હતી, પરંતુ સુપ્રીમ કોર્ટે અરજી સ્વીકારી નહોતી. અગાઉ કેન્દ્ર સરકારે શાંતિપૂર્ણ વિરોધ કરનારા વિદ્યાર્થીઓ સામે કાર્યવાહી ન કરવાની ખાતરી આપી હોવાનો પણ ઉલ્લેખ થયો હતો. દરમિયાન, દિલ્હીના જંતર-મંતર ખાતે ૧૦ ઓક્ટોબરે યોજાનારા કોકરોચ જનતા પાર્ટીના વિરોધ પ્રદર્શનને પોલીસે મંજૂરી આપવાનો ઈનકાર કર્યો છે.

પીએમ મોદીની ૨૫ વર્ષની જનસેવા અને રાષ્ટ્ર સમર્પણની યાત્રા પ્રેરણારૂપ : સીએમ ભૂપેન્દ્ર પટેલ

ગાંધીનગર,તા.૦૯



ગાંધીનગર ખાતે મુખ્યમંત્રી ભૂપેન્દ્ર પટેલે વડાપ્રધાન નરેન્દ્ર મોદીના જનસેવા અને રાષ્ટ્ર સમર્પણનાં ૨૫ વર્ષ પૂર્ણ થવા બદલ ગુજરાતની જનતા વતી અભિનંદન પાઠવ્યાં હતાં. નાયબ મુખ્યમંત્રી હર્ષ સંઘવી અને પ્રવક્તા મંત્રી જીતુ વાઘાણીની ઉપસ્થિતિમાં યોજાયેલી પત્રકાર પરિષદમાં મુખ્યમંત્રીએ જણાવ્યું હતું કે, મોદીએ 'રિફોર્મ, પરફોર્મ, ટ્રાન્સફોર્મ'ના મંત્ર સાથે વિકાસની રાજનીતિનો નવો અધ્યાય શરૂ કર્યો છે. ગુજરાતમાં જ્યોતિગ્રામ યોજના, નર્મદા કેનાલ નેટવર્ક અને વાઈબ્રન્ટ ગુજરાત જેવી પહેલોએ વિકાસને વેગ આપ્યો છે. ગરીબ કલ્યાણ, ખેડૂતોની સહાય, મહિલા સશક્તિકરણ, આરોગ્ય સુરક્ષા અને ટેકનોલોજીના ક્ષેત્રે અનેક યોજનાઓથી નાગરિકોના જીવનમાં પરિવર્તન આવ્યું છે. તેમણે વિકસિત ભારત-૨૦૪૭ના લક્ષ્ય માટે વિકસિત ગુજરાતના નિર્માણનો સંકલ્પ સાકાર કરવા આહવાન કર્યું હતુ.


ટ્રમ્પને ખુશ કરવાના પ્રયાસો છતાં ભારતના હિતોનું રક્ષણ થતું નથી: કોંગ્રેસ

વોશિંગ્ટન, તા.૦૯

અમેરિકાએ ઈન્ફોસિસ, ટીસીએસ, વિપ્રો સહિતની અનેક આઈટી કંપનીઓની ગ્રીન કાર્ડ સંબંધિત શ્રમ પ્રમાણપત્ર પ્રક્રિયા પર અસ્થાયી પ્રતિબંધ મૂકતાં ભારતીય વ્યાવસાયિકોની મુશ્કેલીઓ વધી શકે છે. કોંગ્રેસના સાંસદ જયરામ રમેશે આ મુદ્દે મોદી સરકારની ટીકા કરતાં આરોપ લગાવ્યો કે અમેરિકાના રાષ્ટ્રપતિ ડોનાલ્ડ ટ્રમ્પને ખુશ કરવાના પ્રયાસો છતાં ભારતના હિતોનું રક્ષણ થઈ રહ્યું નથી. તેમણે યુપીઆઈ પર મર્ચન્ટ ડિસ્કાઉન્ટ રેટ (એમડીઆર) લાગુ કરવાના મુદ્દે પણ સરકારને ઘેરી હતી. બીજી તરફ, કર્ણાટકના આઈટી મંત્રી પ્રિયંક ખડગેએ જણાવ્યું કે આ પરિસ્થિતિ ભારતીય કંપનીઓને સંશોધન, એન્જિનિયરિંગ અને અદ્યતન ટેકનોલોજી ક્ષેત્રે ભારતમાં વધુ કામ લાવવાની તક આપી શકે છે.

કેરળના પૂર્વ સીએમ પિનરાઈ વિજયન, પુત્રી અને જમાઈ સામે ફરિયાદ નોંધવાનો હાઈકોર્ટનો આદેશ

કોચી, તા.૦૯



કેરળ હાઈકોર્ટે ભૂતપૂર્વ મુખ્યમંત્રી પિનરાઈ વિજયન, તેમની પુત્રી ટી. વીણા અને જમાઈ પી.એ. મોહમ્મદ રિયાસ સામે ભ્રષ્ટાચાર નિવારણ કાયદા હેઠળ એફઆઈઆર નોંધવા અને તપાસ કરવાનો આદેશ આપ્યો છે. આ મામલો એન્ફોર્સમેન્ટ ડિરેક્ટોરેટ (ઈડી) દ્વારા કેરળ પોલીસને આપવામાં આવેલી માહિતી સાથે સંબંધિત છે. અરજીકર્તા કે.એમ. શાહજહાંએ એફઆઈઆર નોંધવાને બદલે પ્રાથમિક તપાસ કરવાનો રાજ્ય સરકારનો નિર્ણય પડકાર્યો હતો. નાણાકીય વ્યવહારો કોચીન મિનરલ્સ એન્ડ રૂટાઈલ લિમિટેડ (સીએમઆરએલ) અને વીણા વિજયન સાથે સંકળાયેલી એક્સાલોજિક સોલ્યુશન્સ વચ્ચે થયા હોવાનું જણાવાયું છે. ઈડીના આરોપ મુજબ, સીએમઆરએલે વીણાની કંપનીને આશરે રૂ. ૩.૨૮ કરોડ ચૂકવ્યા હતા, પરંતુ તેના બદલામાં સેવાઓ આપવામાં આવી ન હોવાની શંકા છે. આ ચુકવણીઓમાં સંભવિત ગેરરીતિઓની તપાસ કરવાની માંગ કરવામાં આવી છે. જોકે, આ આરોપો સાબિત થયેલા નથી.

આંધ્રપ્રદેશમાં ઓબીસી માટે ૩૪ ટકા અનામતને સુપ્રીમ કોર્ટનો ફટકો

નવી દિલ્હી, તા.૦૯



આંધ્રપ્રદેશમાં સ્થાનિક સ્વરાજ્યની ચૂંટણીઓમાં અન્ય પછાત વર્ગો (ઓબીસી) માટે ૩૪ ટકા અનામત આપવાના રાજ્ય સરકારના નિર્ણયને સુપ્રીમ કોર્ટમાંથી રાહત મળી નથી. જસ્ટિસ દીપાંકર દત્તા અને જસ્ટિસ શીલ નાગુની બેન્ચે હાઈકોર્ટના નિર્ણયને પડકારતી રાજ્ય સરકારની અરજી ફગાવી દીધી હતી. રાજ્ય સરકારે ગ્રામીણ અને શહેરી સ્થાનિક સંસ્થાઓમાં ૩૪ ટકા અનામતની જોગવાઈ કરતા સરકારી આદેશોને રદ કરવાના હાઈકોર્ટના નિર્ણયને પડકાર્યો હતો. સુનાવણી દરમિયાન બેન્ચે અનામત નક્કી કરવા માટે ઉપયોગમાં લેવાયેલા યુનિફાઈડ ફેમિલી સર્વેના ડેટાની વિશ્વસનીયતા અને કાયદાકીય આધાર અંગે સવાલો ઉઠાવ્યા હતા. હાઈકોર્ટે જણાવ્યું હતું કે ૩૪ ટકા અનામતને કારણે કુલ અનામતની મર્યાદા ૫૦ ટકાથી વધી રહી હતી. વધારાના અનામતને યોગ્ય ઠેરવવા માટે જરૂરી પ્રયોગમૂલક અને ચકાસણીયોગ્ય પુરાવા પણ રજૂ કરાયા નહોતા. સુપ્રીમ કોર્ટે હાઈકોર્ટના અભિગમમાં હસ્તક્ષેપ કરવાનો ઈનકાર કરતાં રાજ્ય સરકારને ફટકો પડ્યો છે.

'કાલા હિરણ' ફિલ્મ વિવાદમાં સલમાન ખાનને દિલ્હી હાઈકોર્ટે નોટિસ ફટકારી

નવી દિલ્હી, તા.૦૯



દિલ્હી હાઈકોર્ટે 'કાલા હિરણઃ ધ બેટલ ફોર લેગસી' ફિલ્મના વિવાદમાં અભિનેતા સલમાન ખાનને નોટિસ જારી કરી ચાર અઠવાડિયામાં જવાબ રજૂ કરવા જણાવ્યું છે. નિર્માતા અમિત જાનીએ સલમાનની ફિલ્મ પર પ્રતિબંધ મૂકવાની અરજી સામે વાંધો ઉઠાવ્યો છે. સલમાને ફિલ્મ અને તેની પ્રચારસામગ્રીથી વ્યક્તિત્વ અધિકારોના ઉલ્લંઘનનો આરોપ મૂક્યો હતો. ફિલ્મ ૧૯૯૮ના કાળિયાર શિકાર કેસથી પ્રેરિત હોવાનો પણ દાવો કર્યો હતો. કેસની આગામી સુનાવણી ૧૬ ડિસેમ્બરે થશે.

લખનૌમાં હોમગાર્ડે પત્ની અને પુત્રીની હત્યા કરતા ખળભળાટ

લખનૌ, તા.૦૯

ઉત્તર પ્રદેશના લખનૌના ભોલાખેડા વિસ્તારમાં ૫૬ વર્ષીય હોમગાર્ડ રવિન્દ્ર શંકર ગુપ્તા પર પત્ની શ્યામા દુલારી (૫૦) અને પુત્રી પૂજા સાહુ (૩૨)ની ગળું દબાવી હત્યા કરવાનો આરોપ છે. શુક્રવારે સવારે આરોપીએ ડાયલ-૧૧૨ પર ફોન કરીને પોલીસને જાણ કરી હતી. પોલીસે તેને ઘટનાસ્થળેથી કસ્ટડીમાં લીધો હતો. પ્રાથમિક તપાસમાં લાંબા સમયથી ચાલતા કૌટુંબિક ઝઘડાની વિગતો સામે આવી છે. પોલીસે ફોરેન્સિક ટીમની મદદથી ડેટા કેબલ સહિતના પુરાવા એકત્રિત કર્યા છે. બંને મૃતદેહોને પોસ્ટમોર્ટમ માટે મોકલવામાં આવ્યા છે. મૃતકની મોટી પુત્રીની ફરિયાદના આધારે આરોપી સામે હત્યાનો ગુનો નોંધાયો છે. પોલીસે હત્યા પાછળનાં કારણો જાણવા વધુ તપાસ હાથ ધરી છે.

અમેરિકી ઉપરાષ્ટ્રપતિએ એચ-૧બી વિઝાધારકોને 'બંધુઆ મજૂર' કહેવા બદલ ભારતનો વિરોધ

નવી દિલ્હી, તા.૦૯



અમેરિકાના ઉપરાષ્ટ્રપતિ જેડી વાન્સે એચ-૧બી વિઝાધારકોને 'બંધુઆ મજૂર' ગણાવતાં ભારતે સખત વાંધો ઉઠાવ્યો છે. વિદેશ મંત્રાલયે આ ભાષાને અપમાનજનક ગણાવી ભારતીય વ્યાવસાયિકોના અમેરિકાના અર્થતંત્ર અને નવીનતામાં યોગદાનનો ઉલ્લેખ કર્યો છે. અમેરિકાના શ્રમ વિભાગે ભારતીય આઈટી કંપનીઓ સહિત અનેક કંપનીઓને કાયમી શ્રમ પ્રમાણપત્ર કાર્યક્રમમાંથી સસ્પેન્ડ કરતાં વિવાદ વકર્યો છે. ભારતે આ નિર્ણય અંગે અમેરિકી અધિકારીઓ સાથે ચર્ચા ચાલુ હોવાનું જણાવ્યું છે.

'સુપર-ડુપર અલ નીનો'થી વૈશ્વિક ગરમી વધવાની ચેતવણી, આશરે ૪.૫૧ લાખના મોતનો અંદાજ

જિનીવા, તા.૦૯



વર્ષ ૨૦૨૬માં અલ નીનોની સંભવિત તીવ્ર અસરને લઈને હવામાન નિષ્ણાતોએ ચિંતા વ્યક્ત કરી છે. વિશ્વ હવામાન સંગઠન (ડબ્લ્યુએમઓ)ના મૂલ્યાંકન મુજબ, આ ઘટના વૈશ્વિક તાપમાન, વરસાદ, દુષ્કાળ અને પૂરની સ્થિતિને અસર કરી શકે છે. નિષ્ણાતોના અંદાજ પ્રમાણે, અલ નીનોની અસર ફેબ્રુઆરી ૨૦૨૭ સુધી ચાલુ રહી શકે છે.

મધ્ય અને પૂર્વીય ઉષ્ણકટિબંધીય પ્રશાંત મહાસાગરમાં સમુદ્રની સપાટીનું તાપમાન સામાન્ય કરતાં નોંધપાત્ર ઊંચું રહેવાની શક્યતા છે. અલ નીનો કુદરતી આબોહવા ચક્રનો ગરમ તબક્કો છે, જે વિશ્વના વિવિધ વિસ્તારોમાં હવામાનની પેટર્ન બદલી શકે છે. કેટલાક વિસ્તારોમાં દુષ્કાળ, તો અન્યત્ર ભારે વરસાદનું જોખમ વધી શકે છે. યુનિવર્સિટી ઓફ શિકાગોની ક્લાઈમેટ ઈમ્પેક્ટ લેબના સંશોધકોએ જૂન ૨૦૨૬થી ફેબ્રુઆરી ૨૦૨૭ દરમિયાન અલ નીનોને કારણે આશરે ૪.૫૧ લાખ વધારાનાં મૃત્યુ થવાનો અંદાજ વ્યક્ત કર્યો છે. જોકે, આ આંકડો સંશોધકોનો અંદાજ છે, નિશ્ચિત આગાહી નથી.

ભારતીય પાઈલટ સ્મિત મચ્છરને ઈઝરાયલનો સર્વોચ્ચ નાગરિક વીરતા પુરસ્કાર અપાશે

તેહરાન, તા.૦૯




ઈઝરાયલના રાષ્ટ્રપતિ આઈઝેક હર્ઝોગે ભારતીય પાઈલટ કેપ્ટન સ્મિત મચ્છરને નાગરિક વીરતા માટેના સર્વોચ્ચ રાષ્ટ્રપતિ પુરસ્કારથી સન્માનિત કરવાની જાહેરાત કરી છે. ફ્લાયદુબઈ વિમાનના કોકપીટમાં ઓમાની સહ-પાઈલટ દ્વારા હુમલો કરાયો હોવાના અહેવાલ છે. ગંભીર રીતે ઘાયલ હોવા છતાં કેપ્ટન મચ્છરે હિંમત દાખવી હતી, જેના કારણે ૧૭૪ મુસાફરો અને ક્રૂ સભ્યોના જીવ બચાવવામાં મદદ મળી હતી. હાલમાં તેઓ યુએઈની હોસ્પિટલમાં સારવાર હેઠળ છે. રાષ્ટ્રપતિ હર્ઝોગે તેમના ઝડપથી સ્વસ્થ થવાની શુભેચ્છા પાઠવી હતી અને સાજા થયા બાદ પુરસ્કાર આપવાની જાહેરાત કરી હતી. અહેવાલો અનુસાર, હુમલાખોરે વિમાનને કબજે કરીને ઈઝરાયલ લઈ જવાની યોજના બનાવી હતી. જોકે, અન્ય પાઈલટ્સે નિયંત્રણ મેળવી વિમાનને સાઉદી અરેબિયામાં સુરક્ષિત રીતે ઉતાર્યું હતું. વડાપ્રધાન નરેન્દ્ર મોદી સહિતના નેતાઓએ કેપ્ટન મચ્છરની બહાદુરીની પ્રશંસા કરી છે.

કચ્છના ખાવડા નજીક ટ્રક અને બોલેરોની ટક્કરમાં ૭ શ્રમિકનાં મોત

ઘટનાની જાણ થતા કચ્છ કલેકટર અને જિલ્લા પોલીસ વડા હોસ્પિટલ ખાતે પહોંચ્યા

કચ્છ,તા.૦૯

કચ્છ જિલ્લાના ખાવડા નજીક આરી પાર્ક તરફ જવાના માર્ગ પર આજે વહેલી સવારે ભયાનક માર્ગ અકસ્માત સર્જાયો હતો. ભારે ટ્રક અને પીકઅપ બોલેરો વચ્ચે થયેલી ગમખ્વાર ટક્કરમાં બોલેરોમાં સવાર સાત શ્રમિકોનાં કરુણ મોત નીપજ્યાં હતાં. આ અકસ્માતમાં અનેક શ્રમિકો ઈજાગ્રસ્ત થયા હોવાનું જાણવા મળ્યું છે. ઘટનાને પગલે સમગ્ર વિસ્તારમાં ચકચાર મચી ગઈ હતી, જ્યારે મૃતકોના પરિવારોમાં શોકનું મોજુ ફરી વળ્યું હતું. પ્રાપ્ત વિગતો અનુસાર, શ્રમિકોને લઈ જતી પીકઅપ બોલેરો અને ભારે ટ્રક વચ્ચે અચાનક જોરદાર ટક્કર થઈ હતી. અકસ્માત એટલો ભયાનક હતો કે બોલેરોની કેબિન બેવડાઈ ગઈ હતી અને વાહન ટ્રક નીચે દબાઈ ગયું હતું. તેના કારણે બોલેરોમાં સવાર શ્રમિકો વાહનમાં ફસાઈ ગયા હતા. અકસ્માત બાદ વાહનમાં ફસાયેલા લોકોની ચીસોથી ઘટનાસ્થળે ભયાનક દૃશ્યો સર્જાયાં હતાં. શ્રમિકોને બહાર કાઢવા માટે તાત્કાલિક બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. અકસ્માતની ગંભીરતા જોઈને ઘટનાસ્થળે હાજર લોકોમાં પણ ભારે ગભરાટ ફેલાયો હતો.આ અકસ્માત અંગે કચ્છના કલેક્ટર અનિલ રાણાવસિયાએ ભુજ હોસ્પિટલ ખાતે નિવેદન આપતાં જણાવ્યું હતું કે બોલેરો



વાહનમાં અંદાજે ૩૦ જેટલા લોકો સવાર હતા. આ અકસ્માતમાં સાત લોકોનાં મોત નીપજ્યાં છે, જ્યારે અન્ય લોકો ઈજાગ્રસ્ત થયા છે. ઈજાગ્રસ્તોને તાત્કાલિક સારવાર માટે ભુજ સિવિલ હોસ્પિટલ ખાતે ખસેડવામાં આવ્યા છે, જ્યાં તેમની સારવાર ચાલી રહી છે. અકસ્માતમાં ઈજાગ્રસ્ત થયેલા શ્રમિકોને યોગ્ય સારવાર મળી રહે તે માટે હોસ્પિટલ તંત્ર દ્વારા જરૂરી વ્યવસ્થા કરવામાં આવી હતી. પશ્ચિમ કચ્છના પોલીસ અધિક્ષક વિકાસ સુંડાએ જણાવ્યું હતું કે અકસ્માતની જાણ થતાં જ આરી પાર્ક ચેકપોસ્ટ પર ફરજ બજાવતા પોલીસકર્મીઓ તાત્કાલિક ઘટનાસ્થળે પહોંચી ગયા હતા. અકસ્માતની ગંભીરતાને ધ્યાનમાં રાખીને આસપાસના ઔદ્યોગિક વિસ્તારમાંથી ક્રેનની વ્યવસ્થા કરવામાં આવી હતી. ત્યારબાદ ટ્રક નીચે દબાયેલા અને બોલેરોમાં ફસાયેલા શ્રમિકોને બહાર કાઢવા માટે બચાવ કામગીરી હાથ ધરવામાં આવી હતી. પોલીસ અને અન્ય મદદનીશ ટીમોએ સંકલન કરીને ઈજાગ્રસ્તોને બહાર કાઢી સારવાર માટે હોસ્પિટલ પહોંચાડવાની કામગીરી કરી હતી.મળતી માહિતી મુજબ, ભુજ સિવિલ હોસ્પિટલમાં અંદાજે ૨૦થી ૨૨ ઈજાગ્રસ્તોની સારવાર ચાલી રહી છે. અકસ્માત સમયે બોલેરોમાં કેટલા શ્રમિકો સવાર હતા તે અંગે કલેક્ટર અને પ્રાથમિક માહિતીમાં તફાવત સામે આવ્યો છે. પ્રાથમિક અહેવાલોમાં ૧૫થી વધુ શ્રમિકો સવાર હોવાની વાત સામે આવી હતી, જ્યારે કલેક્ટરે અંદાજે ૩૦ લોકો સવાર હોવાનું જણાવ્યું હતું. અકસ્માતનાં ચોક્કસ કારણો અને તમામ વિગતો અંગે વધુ તપાસ બાદ સ્પષ્ટતા થવાની શક્યતા છે.ખાવડા નજીક બનેલી આ દુર્ઘટનાએ ફરી એકવાર માર્ગ સલામતી અને વાહનોમાં મુસાફરી કરતા શ્રમિકોની સુરક્ષા અંગે ગંભીર સવાલો ઊભા કર્યા છે.

રાજ્ય સરકારની ખાતરી બાદ મહેસૂલી કર્મચારીઓના આંદોલનનો સુખદ અંત

ગાંધીનગર,તા.૦૯

ગાંધીનગર ખાતે પ્રવક્તા મંત્રી, મહેસૂલ રાજ્ય મંત્રી અને મહેસૂલ વિભાગના અધિક મુખ્ય સચિવની ઉપસ્થિતિમાં મહેસૂલી કર્મચારી મહામંડળના પ્રતિનિધિઓ સાથે બેઠક યોજાઈ હતી. આ બેઠકમાં મહામંડળના પ્રમુખ જામસંગભાઈ પરમાર સહિતના પ્રતિનિધિમંડળે કર્મચારીઓની પડતર માંગણીઓ અંગે વિગતવાર રજૂઆતો કરી હતી.



બેઠક બાદ પ્રવક્તા મંત્રીએ જણાવ્યું હતું કે સરકારે કર્મચારીઓની વ્યાજબી માંગણીઓનો ઝડપી ઉકેલ લાવવા હકારાત્મક ખાતરી આપી છે. મહેસૂલ રાજ્ય મંત્રીએ પણ સામાન્ય નાગરિકોને હાલાકી ન પડે તે હેતુથી વાટાઘાટો કરવામાં આવી હોવાનું જણાવ્યું હતું. સરકાર તરફથી મળેલી ખાતરીને પગલે મહામંડળના પ્રમુખે આંદોલન સમેટી લેવાની જાહેરાત કરી હતી. આ નિર્ણયથી રાજ્યભરની મામલતદાર કચેરીઓમાં સરકારી કામગીરી ફરી પૂર્વવત થવાનો માર્ગ મોકળો બન્યો છે. કર્મચારીઓના પ્રશ્નોના ઉકેલ માટે હવે સરકારની આગામી કાર્યવાહી મહત્વપૂર્ણ રહેશે.

સુરતમાં કેન્દ્રીય કાપડ મંત્રીનું આકમક નિવેદન : જ્ઞાનેશકુમાર રાજીનામુ નહી આપે

સુરત, તા.૦૯

કેન્દ્રીય કાપડ મંત્રી ગિરિરાજ સિંહ આજથી ત્રણ દિવસીય સુરત મુલાકાતે આવ્યા છે. ટેક્સટાઈલ ઉદ્યોગની મુલાકાત દરમિયાન સુરત સર્કિટ હાઉસ ખાતે મીડિયા સાથે વાતચીત કરતાં તેમણે મુખ્ય ચૂંટણી કમિશનર જ્ઞાનેશ કુમારના રાજીનામાની માંગ અંગે પ્રતિક્રિયા આપી હતી. તેમણે સ્પષ્ટ શબ્દોમાં કહ્યું હતું કે જ્ઞાનેશ કુમાર રાજીનામું



શા માટે આપે? તેમણે રાહુલ ગાંધી પર નિશાન સાધતાં કહ્યું કે જો કંઈ ગેરકાયદેસર હોય તો પહેલાં રાહુલ ગાંધી લોકસભામાંથી રાજીનામું આપે અને કર્ણાટક તથા તેલંગાણાની સરકારોના રાજીનામાની માંગ કરે. તેમણે ભારપૂર્વક કહ્યું હતું કે જ્ઞાનેશ કુમાર રાજીનામું નહીં આપે. બીજી તરફ, શ્રમિકોની સાપ્તાહિક રજાના મુદ્દે ગિરિરાજ સિંહે જણાવ્યું હતું કે માલિક અને મજૂર એક જ સિક્કાની બે બાજુ છે.

પેપર મિલની દુર્ગંધથી ત્રસ્ત મહેસાણા-બહુચરાજી પંથકના પાંચ ગામના લોકો રસ્તા પર ઉતર્યા

મહેસાણા,તા.૦૯

મહેસાણા-બહુચરાજી હાઈવે પર આવેલી ખાનગી પેપર મિલના અસહ્ય રાસાયણિક પ્રદૂષણ અને દુર્ગંધથી ત્રસ્ત થઈને સામેત્રા, મરેડા, ખારા, ગોકલગઢ અને લક્ષ્મીપુરા ગામના લોકો રસ્તા પર ઉતરી આવ્યા હતા. બાળકો અને મહિલાઓ સહિત ગ્રામજનોએ ટ્રેક્ટર આડા મૂકી તથા માનવસાંકળ રચીને હાઈવે પર ચક્કાજામ કર્યો હતો.



દુર્ગંધના કારણે સ્થાનિકોને શ્વાસ લેવામાં તકલીફ, ઝાડા-ઉલટી અને માથાના દુખાવા જેવી સમસ્યાઓ થઈ રહી છે. પ્રદૂષણથી શાળાના બાળકો બેભાન થતાં શાળાઓ બંધ રાખવી પડી હતી. રસ્તા પર વાહનોની લાંબી લાઈનો લાગતાં પોલીસે આવીને ડાયવર્ઝન આપ્યું હતું. અગાઉ રજૂઆતો કરવા છતાં પગલાં ન લેવાતાં આ આક્રોશ ફાટી નીકળ્યો હતો. ગુજરાત પ્રદૂષણ નિયંત્રણ બોર્ડ (GPCB) દ્વારા ફેક્ટરી સામે કડક કાર્યવાહી કરી તેને બંધ કરાવવાની ખાતરી અપાતાં હાલ આંદોલન શાંત પડ્યું છે.

ગાંધીનગર મનપા ચૂંટણી માટે ભાજપનો સંકલ્પ પત્ર જાહેર: રાંધેજામાં સ્ટેડિયમ બનાવવાનું વચન

ગાંધીનગર,તા.૦૯

ગાંધીનગર મહાનગરપાલિકા ચૂંટણી-૨૦૨૬ માટે ભાજપે સંકલ્પ પત્ર જાહેર કરી આગામી પાંચ વર્ષનો વિકાસ રોડમેપ રજૂ કર્યો છે. 'ચ-રોડ'ને આઈકોનિક બનાવવા, AI આધારિત ટ્રાફિક સિગ્નલ અને નવા ઓવરબ્રિજ બનાવવાની યોજના રજૂ કરાઈ છે. મનપા શાળાઓમાં AI લેબ અને સ્માર્ટ ક્લાસરૂમ શરૂ કરાશે. આ ઉપરાંત, રાંધેજામાં ક્રિકેટ સ્ટેડિયમ, પેથાપુરમાં સ્પોર્ટ્સ કોમ્પ્લેક્સ તથા સેક્ટર-૧ ના તળાવનું રિ-ડેવલપમેન્ટ કરવાનો નિર્ણય લેવાયો છે. બીજી તરફ, કોંગ્રેસના નેતા ભરતસિંહ સોલંકીએ ભાજપના વાયદાઓ પર પ્રહાર કરતા તેને માત્ર પોકળ બ્યુટીફિકેશનની વાતો ગણાવી હતી.





